પ્રકાશિત દર માસની ૧૦ તારીખે
વાર્ષિક લવાજમ રૂ. ૫૦/-

હરિઃ ૐ

# હરિભાવ

વર્ષ : ૧૮ - અંક : ૮

મે, ૨૦૧૪



આ જીવને કેટલાક જીવ 'ગુરુ' માને છે. પરંતુ તેની સલાહ પ્રમાણે, સૂચના પ્રમાણે અને તેની ભાવના પ્રમાણે, તેમ જ તેની જીવનની સમજણ પ્રમાણે કોઈનેય સડસડાટ વર્તવાનું કે ચાલવાનું કરવું નથી.

એવું એવું જોઈને અમારા દિલમાં કેમ કરીને પછી રાજીપો પ્રગટી શકે ?

- શ્રીમોટા

'જીવન પોકાર', છઠ્ઠી આ., પૃ. ૪૩૯





'ઠાકુર (શ્રીરામકૃષ્ણ પરમહંસ)ના બ્રહ્મલીન થયા પછી કામારપુકુરમાં રહેતી હતી ત્યારે વિચારતી કે 'દીકરો નથી, કોઈ જ નથી, શું થશે ? '

એક દિવસ ઠાકુરે દર્શન આપીને કહ્યું, 'ચિંતા શા માટે કરો છો ?' તમને એક દીકરો જોઈએ છે ? હું તમને આ બધા રતન જેવા દીકરા આપી ગયો છું. દિવસો જતાં કેટલાય લોકો તમને 'મા' 'મા' કહીને બોલાવશે.

- શ્રીમા શારદા દેવી

'શ્રીમા શારદા દેવી', બીજી આ., પૃ. ૯૨

રજિ. ઑફિસ :
બી/૫, સ્વસ્તિક એપાર્ટમેન્ટ, નારાયણનગર,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯) ૨૬૬૨૦૭૫૪

**'હરિવાણી ટ્રસ્ટ' દ્વારા પ્રકાશિત જીવનવિકાસની ભાવના પ્રસારતું માસિકપત્ર**

# હરિભાવ

સંપાદક : **પ્રભુદાસ જાની**
સહાયક : **વિવેક દેસાઈ**

**વર્ષ : ૧૮ અંક : ૮ મે, ૨૦૧૪**

**ટ્રસ્ટીમંડળ**
શ્રી ગિરીશ પંડ્યા (મૅનેજિંગ ટ્રસ્ટી)
શ્રી પ્રભુદાસ જાની
શ્રી વિવેક દેસાઈ
શ્રી બીરેન પટેલ
શ્રીમતી દર્શિની સુનીલ ઉપાધ્યાય
શ્રીમતી નીમા મીનેષ અમીન

**પૂછપરછ : સંપર્ક : ૧૧-૦૦ થી ૬-૦૦ સુધી**
**શ્રી સુરેશ વૉરા (મો.) ૯૪૨૭૫૫૪૩૯૧**

**લવાજમ**

| | **ભારત** | **પરદેશ (ઍરમેઈલથી)** |
|---|---|---|
| વાર્ષિક : | રૂ. ૫૦/- | રૂ. ૬૦૦/- |
| આજીવન : | રૂ. ૫૦૦/- | રૂ. ૬૦૦૦/- |

**પત્રવ્યવહાર/લવાજમ/ભેટ/મોકલવા માટે**
'હરિવાણી ટ્રસ્ટ'
૧૧, દાદા રોકડનાથ સોસાયટી,
નારાયણનગર, છેલ્લા બસ સ્ટૅન્ડ પાસે,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : (૦૭૯)૨૬૬૩૫૮૭૩
ભેટની રકમ ઈન્કમટૅક્સ ઍક્ટની
કલમ ૮૦(જી) (૫) નીચે કરરાહતને પાત્ર છે.
ચેક/ડીડી 'હરિવાણી ટ્રસ્ટ' ના નામે લખવો

**ઈ-બૅંકિંગ માટે :**
બૅંકનું નામ : યૂકો બૅંક, નારાયણનગર બ્રાંચ
ખાતાનું નામ : **હરિવાણી ટ્રસ્ટ**
સેવિંગ્સ ખાતા નં.: **૧૬૮૭૦૧૦૦૦૦૩૦૮૮**
બૅંક દ્વારા રકમ મોકલતાં તેની સ્લીપ, નામ, સરનામું અને ફોન નંબર સાથે વિગત અમોને મોકલશોજી

હરિઃૐ આશ્રમ, સુરત ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪

ટાઈપ સેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર, (૦૭૯)૨૭૫૪૩૬૯૯**

* Subject to Ahmedabad Jurisdiction

## અનુક્રમ

૧. સ્વજનોને સંબોધન ........................... શ્રીમોટા ૪
૨. લેખકના બે બોલ : જીવન સોપાન............. શ્રીમોટા ૫
૩. જિજ્ઞાસુ સાથે પ્રશ્નોત્તરી ................. શ્રીમદ્ રાજચંદ્ર ૬
૪. અમૃતવાણી ...................... શ્રીરામકૃષ્ણ પરમહંસ ૭
૫. મહાજન શક્તિદળ દ્વારા સ્પર્ધાઓ........... સ્નેહા પટેલ ૮
૬. પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી (૮) ............. શ્રીમોટા ૧૦
૭. સંત તુકારામની સંતકલ્પના અને શ્રીમોટા ..શ્રી દ્વારકાદાસ ૧૧
૮. ખળે ખબરું થાય ........................... જયભિખ્ખુ ૧૩
૯. ભારત અને સ્ત્રી પ્રશ્ન ...................... શ્રીમાતાજી ૧૫
૧૦.ગુજરાતી ભાષાના વ્યાકરણ અંગે........ડૉ. યોગેન્દ્ર વ્યાસ ૧૭
૧૧.યોગની કાર્યદક્ષતા................શ્રી બિપીનભાઈ ગામી ૨૦
૧૨.પૂજ્ય શ્રીમોટાના માર્ગદર્શનનો
એક પ્રસંગ ...................શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય ૨૩
૧૩.કબીરવાણી - કહેણી અને કરણી............. સંત કબીર ૨૪
૧૪.હરિઃૐ સત્સંગ મંડળ-
વાર્ષિક સ્નેહસંમેલન ...............શ્રી યશવંતભાઈ પટેલ ૨૫

## જ્ઞાનદાન

પૂજ્ય શ્રીમોટાના સુરત નિવાસી સ્વજન શ્રી **અમીબહેન અશોકકુમાર સાદડીવાળા** તરફથી તેઓના નવા ગૃહે પ્રવેશ નિમિત્તે 'હરિભાવ'ના આ અંકના પ્રકાશનમાં અમોને સહયોગ અપાયો છે, તે બદલ અમો એ પરિવારના ખૂબ ખૂબ આભારી છીએ.

**-સંપાદક**

## (૧) સ્વજનોને સંબોધન

શ્રીમોટા

(ગઝલ)

(૧)

ગળા સુધી ભરેલો છે બધો સંસાર જ્યાં તમને !
પછી ભગવાનની વાતો નકામી વ્યર્થ કરવી તે !

તમે સંસારને માટે મહા શું કષ્ટ વેઠો છો !
ભલા ! ભગવાનને માટે કરો છો કેટલું કહેશો ?

તમે સંસારને માટે કહો ! શું શું ન દીધું છે ?
ભલા ! ભગવાનને માટે, ગણાવો શું શું આપ્યું છે ?

હૃદય, મન, પ્રાણ, ધનને, તમે સંસારને દીધાં,
પ્રભુને આપવા કાજે, પછી બાકી રહ્યું શું ત્યાં ?

(૨)

હૃદય સંસારની સાથે તમારે પ્રેમ કરવો છે,
કરી લ્યો પેટ ભરી ભરીને, છતાંયે તે ન રિઝાશે !

કબૂલે છે મતિ તેવું અનુભવમાં જ આવ્યું તે,
છતાં સંસારને દિલથી અમારે તો વળગવું છે !

ભલે વળગો ! ભલે વળગો ! મુબારક રાહ તમને તે-
'પછી વળગ્યા પ્રભુને છો' ન એવી વાત કરશોયે !

નકામો છોડી દ્યો પ્રભુને, કશો ના કામનો તે છે,
ભલા ! સંસાર તમને તો ખરેખર કેવો ખપનો છે !

(૩)

અમારે પંથ કોઈને નહિ બોલાવવાના છે,
તમારું માનતું હો દિલ, તમારી ગરજે આવોને !

ગરજ પાક્યા વિના પૂરી પડ્યા કૂદી રખે પંથે !
અહીંના કે તહીંનાયે, રહેશો ના કહીંનાયે !

તમારું દિલ શું મદ, મોહ, અહં, કામાદિના વળણે-
પૂરું વળગેલ છે, ક્યાંથી તમે વળગી શકો બીજે !

કરો જે જે, કરો તે તે, તમારા હિતને કાજે,
અવરનુંયે તમારું તે ગણી ચહીને કરો જે તે !

(૪)

જીવનને રંગવાનો શો અમે ધંધો ઉપાડ્યો છે !
કશું એમાં નવું ના છે, ખરો ધંધો અમારો તે !

જીવનકેરી કળા જે જે ચરણરસથી મળેલી છે,
હૃદયભક્તિ વિશે ઊંડા ઊતરવા કામ લાગી છે !

મળ્યું જે જે જીવનમાં તે, હૃદય ખપમાં લીધેલું છે,
કશું ઉપયોગ વિનાનું જીવનમાં ના કરેલું છે !

ખરેખર તો જીવનમાં શો બધાંનોયે ખરો ખપ છે,
સુમેળે તેથી ચાહીને જીવનરંગત બિછાવી છે !

'જીવન અનુભવ ગીત', પ્ર.આ., પૃ. ૪૨૮,૪૩૦,૪૩૪,૪૩૫

❑

## (૨) લેખકના બે બોલ : જીવન સોપાન

**શ્રીમોટા**

આ જીવને કોઈ કોઈ લોક જુદા જુદા પ્રકારની સગવડ આપે છે, અને બીજું તેમનું કામ પણ કરે છે. આ જીવથી કોઈનું કંઈ તેવું પ્રેમથી કરેલું લક્ષમાં રાખી શકાતું નથી, અને કોઈનું પણ કંઈ કશું બની શકતું નથી. કેટલાક જીવને એમ લાગે છે કે ‘અમે એમનું આટલું બધું કરીએ, તે કંઈ કશા લેખામાં નથી અને તેઓ અમારું કંઈ કશું ગણે કરે નહિ, અને અમારું કશું કરે પણ નહિ !’ વળી, કોઈ કોઈ તો એમ પણ કહે, ‘અમુકને ઘેર તેઓ જાય અને અમારે ત્યાં તેઓ આવે જ નહિ ! અમુકને તેઓ પ્રેમથી બોલાવે અને અમને તેવી રીતે સમજે નહિ.’ આવી રીતે જુદા જુદા પ્રકારના જીવો, આ જીવ વિશે જુદી જુદી રીતે મનમાં ગણના કરતા હોય છે.

આ જીવને કોઈએ માન-આદર આપવું નહિ. તે કદી કશું માગતો જ નથી. તેનું કામ પણ કરવું નહિ અને કરવું હોય તો પોતાના જીવનવિકાસનો હેતુ જીવતોજાગતો મનમાં રાખીને તે કરવું. આ જીવ કને કોઈ પણ જાતની બદલાની અથવા તો આપણે આમ કર્યું તો તેમણે આમ કરવું જોઈએ એવી ગણતરીની માનસિક ધારણા કોઈ પણ પ્રકારની આ જીવ પરત્વે રાખવી નહિ, એવી પ્રભુકૃપાથી મળેલાં સર્વ સ્વજનોને વિનંતી છે.

મને કોઈ નહિ બોલાવે તેથી કરીને જરાકે ઓછું આવી શકવાનું નથી, અને મને બોલાવો જ એવી કોઈના વિશે દિલમાં અપેક્ષા પણ નથી. પ્રભુકૃપાથી અમારા તો કશા ઢંગધડા નથી. કોઈ અમારું કશું કરે, તો અમારે તેનું કરવું જ જોઈએ, એવું કશું મંડાણ બાંધેલું નથી. ‘અમે મોટાનું આટલું બધું કરીએ અને મોટા અમારું કશું માને પણ નહિ, એટલું જ નહિ પણ ઊલટું કોઈક વાર કઠોર વાણી પણ ઉચ્ચારે અને ગમે તેમ પણ બોલે, અને કંઈ વિવેક પણ ન જાળવે !’ (એવું પણ કોઈ કોઈ વિચારે છે. -સંપાદક)

જે જીવને અમારે વિશે એવું લાગતું હોય, તેણે અમારો સંગ સમૂળગોયે છોડી દેવો. અમારો સંગ જીવનવિકાસ કાજે ખપનો લાગતો હોય અને તે પણ અનુભવપૂર્વકના જ્ઞાન સાથેનો સાચો સાચ લાગતો હોય, તેવાએ જ અમારો સંગ કરવો હોય તો કરવો. વળગવું હોય તો સારી રીતે વળગવું. ગળામાંના બકરીનાં આંચળની પેઠે વળગેલા રહેવું એ તો સાવ નકામું છે, ઊલટું ભયંકર ત્રાસરૂપ પણ હોવાનો સંભવ છે.

માટે સૌએ જેને કંઈ કરવાનું હોય છે, તે પોતપોતાને જ માટે હોય છે. અમારે માટે કોઈ કંઈ કશું કરો એવી માગણી અમે કરીએ ત્યારે અમને ધુતકારવાનો સર્વ કોઈ સ્વજનને પ્રેમથી હક્ક છે. એવો હક્ક બજાવશો તોપણ અમને તો આનંદ જ થવાનો.

હરિજન આશ્રમ, **-મોટા**<br>
સાબરમતી<br>
તા. ૧૬-૧૧-૧૯૫૨

> ॥ હરિઃૐ ॥
> **(વસંતતિલકા)**
> **કોઈ ભજે નિજનું દુઃખ મટાડવાને,**
> **કોઈ ભજે મુજ સ્વરૂપ પિછાનવાને,**
> **કોઈ મને કંઈક મેળવવા ભજે છે,**
> **કર્તવ્ય કો સમજી, જ્ઞાન થકી ભજે છે.**
> **શ્રીમોટા**
> ‘જીવનગીતા’ આઠમી આ., પૃ. ૧૪૪

## (૩) જિજ્ઞાસુ સાથે પ્રશ્નોત્તરી

**શ્રીમદ્ રાજચંદ્ર**

**સવાલ :** સત્સંગથી શો લાભ ?

**જવાબ :** સત્સંગ થાય ત્યારે માયા વેગળી રહે. સત્સંગના આશ્રયથી અસત્સંગનું બળ ઘટે છે અને તેથી આત્મવિચાર થવાનો અવકાશ પ્રાપ્ત થાય છે. આત્મવિચાર થવાથી આત્મજ્ઞાન થાય અને આત્મજ્ઞાનથી નિજસ્વભાવરૂપ સર્વ ક્લેશ અને સર્વ દુઃખથી રહિત એવો મોક્ષ થાય છે.

**સવાલ :** આગળ ઉપર શો જન્મ થશે તેની આ ભવમાં ખબર પડી શકે ?

**જવાબ :** જેને નિર્મળજ્ઞાન થયું હોય તેને તેવું બનવું સંભવે છે. વાદળાં વગેરે ચિહ્નો પરથી વરસાદનું અનુમાન થાય છે. આ જીવની આ ભવની ચેષ્ટા ઉપરથી તેનાં પૂર્વકારણ કેવાં હશે તે પણ સમજી શકાય. તેમ જ તે ચેષ્ટા ભવિષ્યમાં કેવું પરિણામ પામશે તે પણ તેના સ્વરૂપ ઉપરથી જાણી શકાય અને તેને વિશેષ વિચારતાં તેવો ભવ સંભવે છે તેમ જ કેવો ભવ હતો તે પણ વિચારમાં સારી રીતે આવી શકવા યોગ્ય છે. **પૂર્વજન્મ પણ છે અને પુનર્જન્મ પણ છે.**

**સવાલ :** ગોપીઓ ભગવાન વાસુદેવને મહીની મટુકીમાં નાંખીને વેચવા નીકળી હતી એનો શો અર્થ થાય ?

**જવાબ :** શ્રીમદ્ભાગવતમાં આવી એક કથા છે. મહીની મટુકી એ સહસ્રદળ કમળ છે અને આદિપુરુષ તેમાં બિરાજમાન છે, તે ભગવંત વાસુદેવ છે. તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે 'કોઈ માધવ લ્યો, હાં રે કોઈ માધવ લ્યો' એમ કહે છે. અર્થાત્ તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઈ છે અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે, માટે તમે પ્રાપ્ત કરો.

ઉલ્લાસમાં તે ફરી ફરી કહે છે કે તમે તે પૂર્ણપુરુષને પ્રાપ્ત કરો અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઈચ્છો તો અમે તમને એ આદિપુરુષ આપી દઈએ. મટુકીમાં નાંખીને વેચવા નીકળ્યાં છીએ. ગ્રાહક દેખી આપી દઈએ છીએ. કોઈ ગ્રાહક થાઓ. અચળ પ્રેમે કોઈ ગ્રાહક થાઓ, વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ.

આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે. એવું સૂક્ષ્મ સ્વરૂપ તે સ્થૂળ કરીને વ્યાસજીએ અદ્ભુત ભક્તિને ગાઈ છે.

આ વાત અને આખું ભાગવત એ એકને જ પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે.

**સવાલ :** બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર તે કોણ ?

**જવાબ :** સૃષ્ટિના હેતુરૂપ ત્રણ ગુણ ગણી તે આશ્રયે રૂપ આપ્યું હોય તો તે વાત બંધ બેસી શકે. કેટલાંક ઉપદેશાર્થે રૂપક કહ્યાં હોય એમ પણ લાગે છે. તથાપિ આપણે પણ તેનો ઉપદેશ તરીકે લાભ લેવો અને બ્રહ્માદિ સ્વરૂપના સિદ્ધાંત કરવાની જંજાળમાં ન પડવું એમ મને ઠીક લાગે છે.

**સવાલ :** અનુભવથી કહો છો કે આત્મા છે ?

**જવાબ :** હા, અનુભવથી કહીએ છીએ કે આત્મા છે. સાકરના સ્વાદનું વર્ણન ન થઈ શકે. તે તો અનુભવગોચર છે, તે જ રીતે આત્માનું વર્ણન થઈ ન શકે. તે પણ અનુભવગોચર છે, પણ તે છે જ.

'અધ્યાત્મજિજ્ઞાસા',
સંતો : જીવન અને પ્રશ્નોત્તરી, પ્ર. આ., માંથી સાભાર
સંપાદક : કાર્તિકેય અનુપરામ ભટ્ટ ❑

# (૪) અમૃતવાણી

**શ્રીરામકૃષ્ણ પરમહંસ**

(૧) ભઠ્ઠીમાં રાખેલું લોઢું લાલચોળ થઈ જાય છે પણ બહાર કાઢતાં પાછું કાળું થઈ જાય છે. એ જ રીતે, મંદિરમાં કે સંતોના સાંનિધ્યમાં હોય ત્યાં સુધી સંસારીઓમાં ધાર્મિક ભાવના પ્રબળ હોય છે, જેવા ત્યાં આઘા ખસ્યા કે ભક્તિનો ઊભરો બેસી જાય છે.

(૨) એક ખેડૂત આખો દિવસ ખેતરમાં શેરડીને પાણી પાતો રહ્યો. કામ પૂરું કર્યા પછી એણે જોયું તો એક પણ ટીપું ખેતરમાં ગયું ન હતું. બધું પાણી ઉંદરોના મોટા દર વાટે ભોમાં ઊતરી ગયું હતું.

પોતાના હૃદયમાં આકાંક્ષાઓ અને તૃષ્ણાઓ રાખતા સંસારીઓનું એવું છે. એ ભલે રોજ પ્રાર્થના કરતો હોય, પણ એ પ્રગતિ કરી શકતો નથી. કારણ એની તૃષ્ણાઓની બખોલ વાટે એમની બધી ભક્તિ વહી જાય છે પહેલાંના જેવો કોરો જ રહે છે.

(૩)જ્ઞાની જેટલો બુદ્ધિમાન હોય, યોગી જેટલું કષ્ટ ઉઠાવતો હોય, તપસ્વી જેટલો ભલે ત્યાગ કરતો હોય પણ સંસારીના બધા યત્નો વૃથા છે કારણ, એની બધી શક્તિઓ અવળે માર્ગે વળેલી છે. આ બધું એ સંસારના સન્માન માટે કરે છે, ભગવાન માટે નહિ.

(૪) નાવ પાણીમાં રહે પાણી નાવમાં ન રહે. સાધક સંસારમાં રહે પણ સાધકમાં સંસાર રહેવો જોઈએ નહિ.

(૫) તમે ભક્તિ, પૂજા કરો, ત્યારે એની ઠઠ્ઠા કરનારાઓથી દૂર રહેજો. તેમ જ ધર્મ અને ધાર્મિક લોકોની મશ્કરી કરનારથી પણ દૂર રહેજો.

(૬) લોહચુંબક સોય હંમેશાં ઉત્તર દિશા જ બતાવે છે. અને એથી વહાણ પોતાની દિશા જાળવી રાખી શકે છે. **મનુષ્યનું હૈયું ઈશ્વર તરફ ઢળેલું હોય ત્યાં સુધી એ સંસારમાં ભૂલો પડવાનો નથી.**

(૭) તમારે સંસારથી અલિપ્ત રહેવું હોય તો, તમારે થોડો સમય એકાંતમાં જઈ ભક્તિ કરવી જોઈએ. ભલે વરસ, છ માસ, એક માસ કે ચાર દિવસ માટે. આ સમય દરમિયાન તમારે સતત ભગવાનનું ધ્યાન ધરવું અને એની પાસે દિવ્ય પ્રેમ માટે પ્રાર્થના કરવી.

(૮) જેને તમારું કહી શકો તેવું કશું આ જગતમાં નથી. જેમને તમે તમારા માનો છો તે સૌ એક યા બીજે દિવસે જતાં રહેવાનાં છે, એ ધારણા તમારે કરવી જોઈએ. તમારો તો કેવળ એક ઈશ્વર જ છે. એ તમારું સર્વસ્વ છે. એને કેવી રીતે પ્રાપ્ત કરવો એની જ લગન તમને હોવી જોઈએ.

(૯) સંસારમાં રહીને પણ મોક્ષની ઈચ્છા રાખનાર કિલ્લાની અંદર રહી લડતા સૈનિકો જેવા છે, ત્યારે ઈશ્વરની ખોજમાં સંસારને સંપૂર્ણ ત્યાગ કરનારાઓ ખુલ્લામાં રહીને લડતા સૈનિકો જેવા છે.

ખુલ્લા મેદાનમાં રહીને લડવા કરતાં કિલ્લાની અંદર રહીને લડવું વધારે સગવડભર્યું અને સલામત છે.

(૧૦) ઔષધ આપે, માદળિયાં આપે, મંત્રતંત્ર કરે અને પૈસા લે અને ચિત્રવિચિત્ર નિશાનીઓવાળા પાટિયાં ચિતરાવી પોતાની પવિત્રતાનો ઢોલ પીટે એવા સંન્યાસીનો વિશ્વાસ ન કરવો.

'શ્રીરામકૃષ્ણદેવની અમૃતવાણી', પ્ર. આ., માંથી સાભાર ❑

## (૫) મહાજન શક્તિદળ દ્વારા સ્પર્ધાઓ

સ્નેહાબહેન પટેલ

પૂજ્ય શ્રીમોટા પ્રેરિત મહાજન શક્તિદળ દ્વારા માત્ર અને માત્ર બહેનોની વિવિધ સ્પર્ધાઓ દર વર્ષે યોજાતી રહી છે. છેલ્લે જે સ્પર્ધાઓ યોજાઈ ગઈ તેની ટૂંકમાં માહિતી નીચે પ્રમાણે છે.

**(૧) ચેસ સ્પર્ધા :**

શાળાકીય અને ઓપન-ખુલ્લા વિભાગની ચેસની સ્પર્ધાઓ તા. ૧-૯-૨૦૧૩ના રોજ તીર્થ ચેસ ક્લબ, દાંડીબ્રીજ પાસે, અમદાવાદ ખાતે યોજાઈ હતી. સમગ્ર સ્પર્ધાનું સંચાલન ચેસ-હરીફાઈઓમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા શ્રી ઇંદુભાઈ પરમારે સંભાળ્યું હતું.

કુલ ૯૦ બહેનોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ધો. ૧ થી ૫, ધો. ૬ થી ૮ અને ધો. ૯ થી ૧૨ ઉપરાંત, ઓપન વિભાગ એમ કુલ ચાર ગ્રુપમાં સ્પર્ધાને વહેંચી વિભાગ પ્રમાણે પ્રથમ, દ્વિતીય અને તૃતીય ઈનામ રૂપે ટ્રોફી-પ્રમાણપત્ર અપાયેલ. આશ્વાસન રૂપે તમામ ભાગ લેનાર સ્પર્ધકોને પણ યોગ્ય રીતે નવાજવામાં આવેલ.

આ સ્પર્ધા આખા દિવસની હોવાથી સવારે ચા-નાસ્તો, બપોરના જમણની સુવિધા અપાઈ હતી. પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો ૫૦ ટકા વળતરથી હરિઃૐ સત્સંગ મંડળ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવેલાં.

**(૨) કરાટે સ્પર્ધા :**

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદના જિમ્નેશિયમ હૉલ ખાતે તા. ૮-૯-૨૦૧૩ના રોજ કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૨૪૦ મહિલા ખેલાડીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ઉંમર અને વજન પ્રમાણે કુલ ૨૭ ગ્રુપ પાડવામાં આવેલાં. દરેક વિભાગના પ્રથમ ત્રણ વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર આપવામાં આવેલ. ઉપરાંત, સ્પર્ધામાં આવેલ તમામને પ્રોત્સાહક ઈનામો અપાયેલ. સ્પર્ધાના સ્થળે આવવાનું એક વખતનું ભાડુ અને ચા-નાસ્તા ઉપરાંત બપોરના જમવાની સુવિધા અપાઈ હતી. હરિઃૐ સત્સંગ મંડળ દ્વારા પૂજ્ય શ્રીમોટાનું એક પુસ્તક ભેટ અપાયેલ.

લાયન્સ ક્લબ, લીઓ ક્લબના પ્રતિનિધિઓ અને જે. જી. કૉલેજ ઑફ કૉમર્સના પ્રિન્સિપાલ શ્રીમતી ગાયત્રીબહેન મોદી ખાસ ઉપસ્થિત રહેલ.

આ સ્પર્ધાનું સંચાલન શ્રી કમલેશભાઈ પટેલ તથા તેમની ટીમે કર્યું હતું.

**(૩) કબડ્ડી અને વૉલીબૉલ સ્પર્ધા :**

તા. ૫-૧-૨૦૧૪ના રોજ નવયુગ શૈક્ષણિક સંકુલ વિરપર, મોરબીના યજમાનપદે કબડ્ડી-વૉલીબૉલની સ્પર્ધાઓ યોજાઈ હતી. શાળાકીય અને ઓપન વિભાગની કબડ્ડીમાં કુલ ૧૩ ટીમે ભાગ લીધો હતો અને વૉલીબૉલની સ્પર્ધામાં કુલ ૧૬ ટીમે ભાગ લીધો હતો.

ગુજરાતમાંથી દૂરથી આવેલ ટીમો માટે એક વખતના ભાડાની અને રાત્રી રોકાણનો પ્રબંધ કરાયો હતો. ચા-નાસ્તો તથા ભોજનનો પણ પ્રબંધ કરાયો હતો. સવારના ૮ થી સાંજના ૬ વાગ્યા સુધી આ સ્પર્ધાઓ ચાલી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા રમત-ગમત અધિકારી, યજમાન સંસ્થાના હોદ્દેદારો અને અનેક મહેમાનો ઉપરાંત, મોટી સંખ્યામાં ખેલાડીઓ વગેરેની પ્રોત્સાહક હાજરી હતી. કાર્યક્રમની પૂર્ણાહુતિ વખતે મોરબી નગરપાલિકાના મા. પ્રમુખશ્રી, લાયન્સ કૉલેજના અધ્યાપક તથા એન.સી.સી.ના ઑફિસરશ્રી ઉપસ્થિત રહેલા.

મોરબીના ઓરપેટ-અજંતા ગ્રુપ તરફથી ભાગ લેનાર દરેક સ્પર્ધકોને તથા સંચાલન કરતા સર્વેને કેલક્યુલેટર્સ ભેટ અપાયાં હતાં. અંતમાં રાષ્ટ્રગાનથી કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

મોરબીનો આ સ્પર્ધાનો કાર્યક્રમ ખૂબ જ સારી રીતે સફળ રહ્યો હતો. યજમાન સંસ્થાના હોદ્દેદારો ઉપરાંત, નગરપાલિકા, અન્ય શૈક્ષણિક સંકુલના અધિકારીઓ અને સ્થાનિક ઉદ્યોગપતિઓની હાજરીથી કાર્યક્રમનું સ્વરૂપ અનોખું અને ઉત્સાહવર્ધક રહેલું.

ઉપરની તમામ સ્પર્ધાઓમાં ભાગ લેનાર સ્પર્ધકોનો, સ્પર્ધાના સંચાલકો, હરિઃૐ સત્સંગ મંડળ, હરિવાણી ટ્રસ્ટ વગેરે નામી-અનામી વ્યક્તિઓ-સંસ્થાઓના સહકાર બદલ હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. મહાજન શક્તિદળના અન્ય હોદ્દેદારો અને શુભેચ્છકો તેમ જ સહાયકોનો પણ આભાર વ્યક્ત કરીએ છીએ.

❑

## 'હરિવાણી ટ્રસ્ટ'ને મળેલ દાન-ભેટ

-સંપાદક

| ક્રમ | સર્વેશ્રી નામ | ગામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | અમીબહેન અશોકકુમાર સાદડીવાલા નવા ગૃહે પ્રવેશ નિમિત્તે જ્ઞાનદાન | સુરત | ૧૧,૧૧૧/- |
| ૨. | એક ચૅરિટેબલ ટ્રસ્ટ | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૩. | એક સ્વજન દંપતી | વડોદરા | ૧૦,૦૦૦/- |
| ૪. | નિમેષ પટેલ (આજીવન લવાજમ ભેટ) | અમેરિકા | ૬,૮૦૦/- |
| ૫. | એક સ્વજન | અમદાવાદ | ૨,૦૦૦/- |
| ૬. | એક સેવક | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૭. | ઈશ્વરભાઈ ઠાકોરભાઈ જરીવાલા જન્મદિન (૧૬-૩) નિમિત્તે | સુરત | ૧,૦૦૦/- |
| ૮. | નરોત્તમભાઈ કે. પટેલના પૌત્ર જિજ્ઞેશ તથા હીરલના જન્મદિન નિમિત્તે હસ્તે તેજશભાઈ જે. પટેલ | અમદાવાદ | ૧,૦૦૦/- |
| ૯. | મહેશભાઈ હીરાલાલ પારેખના પુત્ર ચિ. દિવ્યાંગના ચાંલ્લા નિમિત્તે | સુરત | ૫૫૧/- |
| ૧૦. | પુત્રી તેજસ્વિનીના જન્મદિન નિમિત્તે હસ્તે કૃપાલીબહેન તેજશભાઈ પટેલ. | અમદાવાદ | ૫૦૦/- |
| ૧૧. | જયશ્રીબહેન મધુભાઈ અમીન | સુરત | ૨૦૧/- |
| ૧૨. | એક સ્વજન | અમદાવાદ | ૧૫૧/- |

**આ સર્વેના અમો ખૂબ ખૂબ આભારી છીએ.**

### ક્ષમાયાચના

માહે એપ્રિલ, ૨૦૧૪ના અંકના ક્રમાંક ૭મો લેખ 'સરાહનીય સહયોગ-સહકાર'માં શ્રી કાંતિભાઈ પરીખનો જે નામોલ્લેખ થયો છે, તેના બદલે **શ્રી ભરતભાઈ પરીખ** હોવું જોઈએ. આ ક્ષતિ બદલ ક્ષમા યાચીએ છીએ.

**-સંપાદક**

# (૯) પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી - (૮)

શ્રીમોટા

ગાંધીજીએ બતાવેલા માર્ગમાંનું જ કોઈ ને કોઈ એક પ્રકારનું કર્મ કરતા હોઈએ તો જ તે કર્મ સેવાનું કર્મ ગણાય એવું તો કશું જ નથી. જે કર્મ આપણા જીવનની સાચી સેવા કરી શકે તેવું હોય, તો તેવાં કર્મથી બીજાંની પણ સેવા થઈ શકવાની છે. મારો હેતુ સેવા ન કરવાપણાનો નથી. તે તો કરવી જોઈએ, પણ સેવા શેને માટે, કયા હેતુને માટે, તેનું જીવતુંજાગતું જ્ઞાનભાન આપણામાં પૂરી રીતે પ્રકટેલું હોવું જોઈશે. **જીવનને વધારે ઉદાત્ત, વધારે વિશાળ બનાવવા માટે તેવાં તેવાં કર્મ છે.**

જીવનમાંના જીવ પ્રકારનાં વલણો ટળ્યા કરે, એટલે કે દ્વંદ્વાદિ વૃત્તિ તદ્દન મોળી પડ્યા કરે, દ્વંદ્વ જ અંતે તો હઠી જાય, તેવો હેતુ પ્રત્યેક કર્મ આચરતી વખતે પ્રકટેલો હોવો જોઈશે. અહિંસાની પ્રાણ-પ્રતિષ્ઠા પણ રાગદ્વેષની મુક્તિ વિના કદી પણ થઈ શકવાની નથી. સેવાનું કર્મ પણ પોતાના જીવનને કાજે છે, પોતાના જીવનના વિકાસ અર્થે છે.

સેવાના ક્ષેત્રના કર્મને ખેડનારા જીવોના ઘણાં વર્ષોના પૂરા સહવાસ પછી, શ્રીપ્રભુકૃપાથી કહેવાની આજે હિંમત કરું છું કે તેવાં જીવોને જીવન શું ને વળી જીવનનો ઉદ્ધાર શું, એવી કશી જ પડી હોતી નથી. એવા તો સાવ કર્મનાં માત્ર ચોકઠાં પ્રમાણે જ કર્મ કર્યાં કરતાં હોય છે. એવાં કર્મમાંથી પ્રાણચેતના કેવી રીતે પ્રકટી શકવાની ? હા ! જરૂર કર્મ થયા કરે છે, એવો એક પ્રકારનો ખોટો આત્મસંતોષ પ્રકટ્યા કરે છે, જેનાથી કરી બધાં છેતરાયાં કરે છે.

વીસ વીસ વર્ષની સેવાવાળા સેવકો જીવનને પ્રમાણિકપણે તપાસે કે પોતે પોતાના જીવનમાં કેટલી શાંતિ, સમતા, પ્રસન્નચિત્તતા, વિવેક આદિ ગુણોની જીવંત શક્તિ પ્રકટાવી શકેલા છે? હા, જરૂર એવાં થોડાંક તો હશે, હોય, તેની ના નથી, પરંતુ બહુ મોટા ભાગને જીવનની પડેલી હોય એવું લાગતું નથી.

સેવાનાં કર્મ તો સહુ કોઈએ કરવાનાં હોય છે, તેમાંયે જીવનવિકાસની ભાવના પ્રકટાવવા ઇચ્છતા જીવે તો, સકળ થતાં રહેતાં કર્મ જ્ઞાનભક્તિપૂર્વકનાં જ્ઞાનભાન સાથે પ્રભુપ્રીત્યર્થે જ કર્યાં કરવાનાં હોય છે. ભલે પછી તે કર્મમાં પોતાની વ્યક્તિ સમાયેલી હોય કે બીજા જીવો સંકળાયેલા હોય.

આપણાં કર્મથી કરી જો જીવનમાંના રાગદ્વેષ મોળા પાડી શકાય અને બીજાંને તેમ કરવામાં મદદરૂપ પ્રભુકૃપાથી જો નીવડી શક્યાં, ને કર્મમાત્રનો મૂળ હેતુ જીવનને કોઈ ને કોઈ રીતે ઊંચે તારવવાપણામાં રહેલો છે, તે વિના કર્મનો કશો જીવતો હેતુ જ ન હોઈ શકે, એવી સમજણ ને તે પ્રમાણેનું જીવનવર્તન પ્રકટાવી શકાય, તો એવાં કર્મ યજ્ઞભાવે કરવા-કરાવવામાં જો આપણે જરાતરા પણ એની કૃપાથી ઉપયોગી નીવડી શક્યાં હોઈએ તો શું તેવાં કર્મ 'સેવા' નથી ?

જે પોતે જ તેવાં કર્મોથી જો હળવાં નથી થઈ શકતાં, તો પછી તેવા જીવો બીજાંને શું હળવાં કરી શકવાના છે ? હા, જરૂર 'હોહા' થયા કરવાની ને પ્રચાર પણ થયા કરવાનો, પણ તે બધું માત્ર ઉપર ઉપરનું. રાગદ્વેષ વધવાના, ઘટવાના તો નહિ.

અહિંસાની સાચી, જીવંત પ્રાણપ્રતિષ્ઠા તો રાગદ્વેષની મુક્તિના પ્રદેશની હકીકત છે. તેથી આપણે સાચેસાચ અહિંસાની જીવનમાં પ્રાણપ્રતિષ્ઠા કરવાની હોય, તો જીવનમાંનાં વર્તન, વહેવાર વેળાએ આપણામાંથી દ્વંદ્વવૃત્તિ કેમ હઠ્યા કરે, તેના પર આપણાં સકળ દૃષ્ટિ, વૃત્તિ, વલણ જીવતાં રહ્યાં કરવાં ઘટે.

'પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી', બી. આ., પૃ. ૫૩ ❑

## (૭) તુકારામ મહારાજની સંતકલ્પના અને શ્રીમોટા

**શ્રી દ્વારકાદાસ બિનીવાલે**

*(પૂજ્ય શ્રીમોટાના સ્મૃતિગ્રંથ-જીવનસ્ફુલિંગમાંથી આ લેખ લેવાયો છે. અસલ લેખમાં તુકારામ મહારાજના અભંગો મરાઠી ભાષામાં જે છે તેની સાથે ગુજરાતીમાં ભાવાનુવાદ અપાયો છે. અત્રે એ ભાવાનુવાદને જ સ્થાન અપાયું છે. -સંપાદક)*

સંતશ્રેષ્ઠ તુકારામ મહારાજે સંતપ્રશસ્તિ કરતાં સંતોનાં મુખ્ય કાર્યનો નિર્દેશ કરતાં લખ્યું છે કે -

***'જનકલ્યાણાર્થે સંત વિભૂતિ કષ્ટ દેહે દેતી પર ઉપકારે.'*** પૂજ્ય શ્રીમોટા, જીવનના ૭૬મા વર્ષે પણ, શરીર અનેક રોગોનું ઘર બન્યું હોવા છતાં જે રીતે પ્રભાતથી તે રાત્રી સુધી શ્રેયાર્થી આત્માઓના કલ્યાણ માટે અને સમાજના પુનરુત્થાન માટે જે ભગીરથ જહેમત ઉઠાવતા જણાય છે, તે ઉપરની તુકારામની ઉક્તિઓની સાર્થકતા સિદ્ધ કરે છે. સંતોના હૃદય વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કુમળાં હોય છે. પૂજ્યશ્રીના વહાલસોયા હૃદયના લાડ અને પ્રેમનો લહાવો પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય જેમને પ્રાપ્ત થયું છે, તેઓ જ તેમના નવનીત કોમલ હૃદયની પ્રસાદીની મધુરપ જાણે છે. સ્નેહમૂર્તિ મોટા સમારંભોમાં વ્યાખ્યાન કરતી વખતે પોતાની માતા વિશે કહેતાં ગળગળા બની જાય છે. અને તેમની આંખમાંથી દડદડ આંસુઓ ખરવા માડે છે. એ એમના સુકોમળ હૃદયની ઝાંખી કરાવે છે. પરંતુ એ જ શ્રીમોટા સમાજમાં પ્રવર્તતા અનાચાર, નિષ્ક્રિયતા, અજ્ઞાન અને અન્યાય અંગે બોલે છે ત્યારે ક્રોધથી ધૂંઆંપૂંઆ થઈ જાય છે. કોઈ શાપ આપવા તત્પર બનેલા વેદકાલીન આર્ષદ્રષ્ટાની માફક ગરજી ઊઠે છે-**'હું બધાંને ચેતવણી આપું છું-ભારે ઝંઝાવાત આવી રહ્યો છે. તેના સપાટામાંથી કોઈ છટકવાનું નથી. લક્ષ્મીના ધણી થઈ બેઠેલાંઓને અને સત્તા ઘેલછામાં દીવાના બનેલાઓને કાળનાં એંધાણ જાણી લેવા હું ચેતવું છું.'**

આ પ્રકારે એક બાજુ નવનીતસમ સુકોમળતા અને બીજી બાજુ જ્વાળામુખીસમ ઉગ્રતા દર્શાવતા પૂજ્યશ્રી તુકારામ મહારાજની આ બાબતમાં અનુરૂપ એવી અભંગોક્તિની યથાર્થતાની પ્રતીતિ આપે છે.

***મીણથીયે પોચા અમે વિષ્ણુદાસ પણ કઠણ વજ્રનેય ભેદી દેશું.***

સંતપદની પરમોચ્ચ સ્થિતિને પ્રાપ્ત કરવા માટે પૂજ્યશ્રીને વર્ષો સુધી આંતરિક તેમ જ બાહ્ય રીતે ભીષણ સંઘર્ષ કરવો પડ્યો હતો. જેનું યથાર્થ દર્શન તેમના **'જીવન દર્શન', 'મનને', 'હૃદય પોકાર'** વગેરે કૃતિઓમાંથી મળી શકે છે. તુકારામ મહારાજની ગણના મુજબ સંતપદ સુલભ હોતું નથી. એક અભંગમાં તેઓ કહે છે :-

*સંતપણું ન મળે વેચાતું બજારે,*
*ભટક્યે જંગલે મળે ના એ તો.*
*ધનરાશી મૂલ્યે પામી ન શકાયે,*
*ન મળે આકાશે પાતાળેય તો.*
*કહે 'તુકો' મળે પ્રાણના જ સાટે*
*માત્ર વાતો તેની વ્યર્થ જ જાતી.*

આવું પ્રખર કષ્ટસાધ્યપૂર્ણ સાધકત્વ પ્રાપ્ત કર્યા પછી સાંનિધ્યમાં આવતા શ્રેયાર્થીઓને પ્રભુના માર્ગે દોરવણી આપવાનું પરમમંગલકાર્ય પૂજ્યશ્રી અવિરતપણે કરતા રહ્યા છે. આ અંગેની એમની સાહિત્યસંપદા ગુજરાતી ભાષા માટે નહિ પરંતુ કોઈ પણ ભાષા માટે ગૌરવ લઈ શકાય તેવા અમૂલ્ય ખજાનારૂપ છે. આમાંથી શ્રેયાર્થી પોતાની ગૂંચનો ઉકેલ મેળવી શકે છે. પોતે અપનાવેલો શ્રેયનો માર્ગ બીજા અપનાવે એવી સંતના દિલની તાલાવેલી હોય છે. તુકારામ મહારાજ કહે છે તે પ્રમાણે -

*પોતાના સમાન કરંતા તત્કાળ સમય વિલંબ ત્યાં ન હોય.*

એ જ એમનું ધ્યેય હોય છે. પરંતુ સાધનામાર્ગ દુષ્કર હોવાથી પૂજ્યશ્રી, શ્રેયાર્થી-આત્મીયને માટે એક વહાલસોયી માતા કે પ્રેમાળ પિતાની રીત અજમાવે છે. સાધનામાર્ગે શરૂઆતના ડગ ભરનાર શ્રેયાર્થીને બાળક જેવો ગણી તે પ્રમાણે જે પદ્ધતિ પૂજ્યશ્રી અપનાવે છે તેનું વર્ણન તુકારામની વાણીમાં યથાર્થ રીતે નીચે મુજબ આપી શકાય :

*બાળુડાંને માટે, પિતા પાટી તે ધરતા.*
*જગે તેવી સંતો, ક્રિયા એવી આચરતા,*
*બાલુડાંની સાથે ! માતા ડગલાં ભરતી,*
*'તુકો' સંત નૌકા ! જલે જનાર્થે તરતી.*

આપણે બડભાગી છીએ કારણ કે પૂજ્યશ્રી જેવી વિભૂતિ આપણી વચ્ચે આપણા શ્રેયની સતત કાળજી રાખતી હાજર છે. શ્રેષ્ઠસંત વિશે તુકારામ મહારાજની કલ્પના પ્રત્યક્ષ સ્વરૂપે મોટાના રૂપે આપણી સાથે છે એ ભગવાનની પરમ કૃપા છે. તુકારામ મહારાજની સંતકલ્પના આ પ્રમાણે છે :

*પવિત્ર પાતકોની એ દેહ,*
*વાણી પુણ્યવંતી ગાતા હરિનામ સર્વકાળે*
*સ્પર્શથી, તેઓને તરંતા તે દોષી !*
*થતી ભસ્મ રાશી પાતકોની*
*દેવોએ વાંછતા ચર્ણરજ જેની*
*પાછળ પાછળ દોડતા તે*
*ન મળે ત્યાંહી જુદાઈ ભાવના*
*વહાતાં શ્રીપતિ સદા કંઠે*
*કહે 'તુકો' દેવભક્ત સંગમ જ્યાં !*
*તહીં ધોધનામ ત્રિવેણીનો.'*

આત્મકલ્યાણ વાંછતા સામાન્યજનો માટે પૂજ્યશ્રી જેવા સંતને ચરણે સંપૂર્ણ સમર્પણ-ભાવનાથી લીન થઈ જવું અને તેમનાં કાર્યો આપણાં જ કાર્યો માનીને ઉપાડી લેવાં એ પૂજ્યશ્રીના આત્મીય હોવાનો દાવો કરનારા આપણા માટે ઉચિત છે. મોટાઈની ખોટી કલ્પના દૂર રાખી દાસત્વ અપનાવવું એ વધારે આવકારદાયક છે. મહત્ત્વ પામીને ગૂંગળામણ અનુભવવા કરતાં લીનતા શ્રેયસ્કર છે. એ અંગે સંતશ્રેષ્ઠ કહે છે :-

*અકળાતો જીવ મોટાઈના ભારે,*
*દાસત્વ એ ઘણું સારું લાગે !*
*મુજને છે પ્રિય દાસત્વભાવના દેવા*
*જો ઇચ્છો તો એ જ દેશો.*
*તમ ચર્ણ સેવા પામી જો શક્યો હું,*
*યારી આપી મારા નસીબેયે,*
*લળી લળી 'તુકો' વંદે છે ચરણ,*
*ગણો રજરેણુ ચરણકેરો ! !*

આ પ્રમાણે સંતચરણોમાં લીન થઈને ભાવનું સાતત્ય રાખીને આપણે કાર્ય કરીશું તો આપણા માથા પરનો બોજ દૂર થઈ જશે. તુકારામ મહારાજ આ બાબતમાં દૃઢતાપૂર્વક કહે છે કે :-

*સંતચરણોમાં મેં રાખ્યો છે વિશ્વાસ*
*સર્વ ભાવે દાસ તેમનો હું*
*મારું હિત સર્વ તેઓ જ કરશે !*
*શ્રીહરિ જેથી તે કૃપા દેશે*
*થાકી જતાં મને કેડે તેડી લેશે*
*સંગથી તેઓના થશે સર્વસુખ*
*કહે 'તુકો' શેષ કરીશ પ્રેમથી*
*બોલ્યું વેણ નિશ્ચે પાળી રહું !*

પૂજ્યશ્રીના હિમાલયોત્તુંગ શ્રેષ્ઠત્વની ઝાંખી કરાવવી એ મારા અલ્પમતિ માટે અઘરું કાર્ય હતું. તેથી સંતશ્રેષ્ઠનાં વચનોમાં જ ક્ષમા માગવી ઉચિત ગણાશે.

*બોલ્યો હું જે બોલ બોલાવ્યા ભગવાને,*
*મારા જાતિકૂળ જાણતા છો.*
*કરજો ક્ષમા ને ધરશો ના કોપ,*
*સંત માતાપિતા દીન પરે,*
*વાચાળ બની હું દોષ જો ઉચ્ચારું,*
*કુલક્ષણ મારું માની લેજો.*
*કીધો અપરાધ અજાણતાં ભલે !*
*'તુકો' યાચે સ્થાન ચરણ પાસે.*

ક્ષમા યાચના પછી પૂજ્યશ્રીનાં ચરણે આખરી વિનંતી કરવાની છે અને તે પણ સંત શ્રેષ્ઠે પોતાના અભંગમાં દર્શાવેલી ભાવનાથી :-

*આખરી આ યાચના સંત તમો જાણી લેશો,*
*રાંક આ જનને કદી ભૂલી નહીં જશો,*
*હતું જે કહેવાનું તમ ચરણે નિવેદ્યું છે,*
*કહે 'તુકો' પગે લાગું છાયા કૃપા કરી માગું !*

'જીવનસ્ફુલિંગ', પ્ર. આ., પૃ. ૧૭૮ ❑

# (૮) ખળે ખબરું થાય

જયભિખ્ખુ

પૈસો એ માણસની નીતિ માટે કસોટીનો પથ્થર છે. એ પથ્થર પર ઠોકર ખાઈને નીતિના કોણ જાણે કેટલાંય અમૂલખ નાવ જલશરણ થયાં છે. નીતિને માર્ગે દ્રવ્ય ખર્ચનારા ઘણા શ્રીમંત મળી આવશે પણ નીતિને માર્ગે દ્રવ્ય રળીને શ્રીમંત થનારા વિરલા જ હશે.

એવો એક વેપારી હતો, મુંબઈની બજારમાં. હતો તો સાવ જુવાનિયો, પણ ધંધામાં કુશળ. અનાજ, કાપડ ને કરિયાણાથી ધંધાની શરૂઆત કરીને આજે મોતી અને ઝવેરાતનાં મૂલે મૂલવતો થયો હતો.

આ ધંધાદારી માણસ એકસાથે બે ધંધા કરતો હતો. એક વેપારી પેઢીનો અને બીજો ધર્મનો. વેપાર કરવા દુકાને બેસે, પણ મનમાં ચિંતવન ધર્મનું હોય, તત્ત્વનું હોય, વિદ્યાનું હોય. દુકાનમાં હિસાબી-કિતાબી ચોપડાના ખડકલા પડ્યા હોય, પણ એ સાથે ધર્મગ્રંથો પણ પડેલા હોય. રોજનીશી પણ હોય. **ચોપડામાં ધંધાનું જમા-ઉધાર લખે. ડાયરીમાં આત્માનું જમે-ઉધાર ચીતરે.**

પણ આવા ધરમી વેપારી તો ઘણા જોયા છે. દેખાય ઉજળા ફૂલ જેવા, પણ ચંદ્રમામાં સાદી નજરે કાળાં ધાબાં કળાય, એમ એમના જીવનમાં ઘણાં ધાબાં દેખાય. આખો દહાડો ધરમ ધરમ કરે, ને કોઈ હાથમાં આવ્યો તો સસ્તો ન છોડે. ત્યાં ન્યાય, નીતિ, ધર્મ, પ્રમાણિકતા નેવે ચઢાવી દે. ધંધો ને ધરમ જુદો, એમ માને. હાથી દાંત જેવો ઘાટ રચે.

વેપારી માટે એટલે જ કહેવાય છે, કે મુખમાં રામ ને બગલમાં છૂરી ! બલકે ઘણા કુશળ લોકોની એવી માન્યતા છે કે **ધર્મનો બુરખો ધારણ કરવાથી ધંધો બમણો ચાલે,** જેમ ઘસીને પૉલિશ કરવાથી ગમે તેવું હલકું લાકડું પણ સાગસીસમમાં ખપી જાય તેમ.

પણ આ વેપારી સાવ જુદા સ્વભાવનો. લોકો તો કહેતા, **'ભાઈ એ તો ખળે ખબરું થશે.'** આ વેપારી રોજ ડાયરી લખે. એમાં કંઈ કંઈ વાતો લખે, કંઈ કંઈ કવિતાઓ રચે.

*'ત્યાં આવ્યો ઉદય કારમો રે,*
*પરિગ્રહ કાર્ય પ્રપંચ કરે !*
*જેમ જેમ તે હડસેલીએ, તેમ*
*વધે, ન ઘટે એક રંચ રે !'*

લોક કવિતા સાંભળીને ડોલી જતા. પણ સંકલ્પી-વિકલ્પી લોક કહેતા કે તત્ત્વજ્ઞાન કરતાં સુવર્ણની કિંમત વધારે છે. ન મળી નારી તો બાવા બ્રહ્મચારી. લક્ષ્મીદેવીનાં પગલાં થવા તો દો. પછી આ પોથાં-થોથાં પૂજાના પાટલે પડ્યાં પડ્યાં રજે ભરાશે. **એ તો ખળે ખબરું થાય.**

એ યુવાન વેપારીની ધર્મવૃત્તિ વધવા લાગી, એમ ધંધામાં પણ વિકાસ થવા લાગ્યો. રંગૂનના ચોખાનો વેપાર ઉપાડ્યો. આ વેપાર એનો ખૂબ સમય લઈ જતો. દુકાનના માણસોને સૂચના આપતો કે ભાવમાં ગમે તેટલી હેરફેર થાય, મને પત્ર ન લખતાં. લોકો કહેતા કે છ મહિનામાં બાર મહિનાનું કમાઈ લીધું, હવે છ મહિના આરામ કરે નહિ તો શરીર ક્યાંથી ટકે ?

આ યુવકે લગ્ન કર્યું અને રોજનીશીમાં લખ્યું, 'સ્ત્રી એ સંસારનું સર્વોત્તમ સુખ માત્ર આવરોણક દૃષ્ટિથી લખાયું છે, પણ તે તેમ નથી જ.' વળી લખે છે, **'સ્ત્રીમાં દોષ નથી, દોષ આત્મામાં છે.** એ દોષ જવાથી આત્મા જે જુએ છે, તે અદ્‌ભુત આનંદરૂપ જ છે.' વળી લખે છે 'મહાન આત્માઓ

દેહ બે કારણને લઈને ધારણ કરે છે. એક સંચિત કર્મ ભોગવવા અર્થે, બીજું જીવોના કલ્યાણ અર્થે. તથાપિ તે બંનેની પ્રાપ્ત થયેલ પરિસ્થિતિમાં ઉદાસીપણે રહે છે.'

સંસાર તો અજબ છે. પ્રશ્નકારો પૂછી બેસતા, 'આપ સંન્યાસીના જેવી દશા ભોગવો છો, પછી ઘર તેમ જ વેપાર-વ્યવહાર શી રીતે ચલાવી શકો છો ?' એ જવાબ આપતા-ખૂબ જ તળપદું દૃષ્ટાંત આપીને કહેતા, 'એ તો સહજ છે. શૌચ જવા માટે શૌચઘરમાં જનારની પેઠે. ત્યાં જતાં શૌચઘર પર પ્રેમ રાખી કોઈ ત્યાં બેસી રહેતું નથી. બેસી રહેવા ઇચ્છતું નથી. એ પ્રમાણે વર્તીએ એટલે કશી જંજાળ વળગે નહિ.'

આ વેપારીએ એક વખત બીજા વેપારી જોડે સોદો કર્યો. સોદો ઝવેરાતનો હતો. અઢી લાખનું ઝવેરાત અમુક ભાવે અમુક દિવસે આપવું. બંને પક્ષ તરફથી લખાણ થયું. સહી-સિક્કા થયા. સોદો પાકો થયો. પણ કોણ જાણે કેમ ? નસીબ પેલા વેપારીને રોવરાવવાનું હશે તે ઝવેરાતના ભાવ દિનપ્રતિદિન વધવા લાગ્યા. કૂદકે ને ભૂસકે વધવા લાગ્યા. સામા વેપારીને આશા હતી કે ઝવેરાત પૂરું પાડવાની સમયમર્યાદા આવતાં સુધીમાં ભાવ ઠેકાણે આવી જશે. પણ ભાવ તો ભાવ ખાવા લાગ્યા. ઠેકાણે ન આવ્યા તે ન જ આવ્યા. સામા વેપારીને હજારોની ખાધ આવી ઊભી. માલ આપવાનો સમય નજીક આવી ગયો.

સામાવાળો વેપારી એ યુવાન વેપારી પાસે પહોંચી ગયો. કહે કે 'ભાઈ ! બજારનો રંગ તો તમે જુઓ છોને ? માલ પૂરો પાડવાની ચિંતા મારું હૈયું કોરી ખાય છે. થોડો વખત ખમી ખાઓ. ધર્મનિષ્ઠ વેપારીએ કહ્યું, 'શું ખમી ખાઉં ? મને પણ એ જ ચિંતા પેઠી છે. હું તમારી પાસે આવવાનો જ હતો. ચિંતામાં ગરકાવ વેપારીએ કહ્યું, 'આવ્યા હોત તો આંખમાથા પર હતા, મારું જોર કંઈ ચાલત નહિ, પણ હજી બે દિવસની વધુ મુદત આપો.'

'અરે ભલા માણસ ! મુદતની વાત કેવી ? જે ચિંતા મને અને તને પકડી બેઠી છે, એને વળી વધારે વખત ક્યાં આપવો ? **એ તો કર્યા એ કામ અને ભજ્યા એ રામ !'** ધર્મનિષ્ઠ વેપારીએ સોદો પરત પતાવવા આગ્રહ કર્યો. સામો વેપારી બોલ્યો, 'ઓહ, આટલી અધિરાઈ' અને મનમાં બબડ્યો કે તમારા તત્ત્વજ્ઞાનને આજ પિછાણી લીધું. **ધરમકરમની તો ખળે ખબરું થાય !**

ધર્મી વેપારીએ કહ્યું, 'અધિરાઈ સ્વાભાવિક છે. માથે લટકતી તલવાર રાખીને કોને ઊંઘ આવે ?'

'તો પછી હું જાઉં છું. બંદોબસ્ત કરું છું. મારું જે થવાનું હશે તે થશે.' વેપારીએ કહ્યું, ધર્મનિષ્ઠ વેપારીએ પેટીમાંથી દસ્તાવેજ કાઢીને બતાવતાં કહ્યું, 'આ દસ્તાવેજ તો બરાબર છેને !' 'હું ક્યાં ના પાડું છું ? દસ્તાવેજ બરાબર છે. સાતવાર બરાબર છે.'

'લટકતી તલવાર તો આ દસ્તાવેજની જ છે ને?'

'હા. મારું ગળું કાપવું હોય તો કાપી નાખો એનાથી.' 'ચિંતા માત્ર આ કાગળમાં જ છેને ?' ધર્મનિષ્ઠ વેપારીએ વળી કહ્યું. સામો વેપારી મૂંગો રહ્યો. એને આ તત્ત્વજ્ઞાની ઉપર ચીડ ચઢી.

'ભય માત્ર આનો જ છે ને ? એ ભય હું ટાળી દઉં છું.' ને પેલા ધર્મનિષ્ઠ વેપારીએ એ દસ્તાવેજના કાગળના બે ચીરા કર્યા. ચાર ચીરા કર્યા. વળી ચાર ઊભા ચીરા કર્યા. ચાર ચીરા આડા કર્યા. આગળ વધીને એ ચીરા પેલા વેપારીને આપતાં કહ્યું, 'આ પાણીના પ્યાલામાં એને પલાળીને પેલી બાટલીનો બૂચ બનાવી દો.' સામો વેપારી સડક જ

**(અનુસંધાન પૃ. ૨૨ પર)**

## (૯) ભારત અને સ્ત્રીનો પ્રશ્ન

**શ્રીમાતાજી**

પુરુષને એમ લાગે છે કે પોતે સ્ત્રી કરતાં શ્રેષ્ઠ છે અને એ રીતે તે સ્ત્રી ઉપર પોતાનો અધિકાર જમાવવા લાગે છે. સ્ત્રીને એમ થાય છે કે પોતાના ઉપર પુરુષ દમન ગુજારી રહેલો છે અને તે પુરુષ સામે પ્રગટ કે અપ્રગટ રીતે બળવો કરતી રહે છે. અને આમ **આ બે વચ્ચેનો કાયમી ઝઘડો હરેક યુગમાં ચાલતો આવ્યો છે.** અને આ સંઘર્ષનું મૂળ તત્ત્વ તો એક જ છે, છતાં તેનાં રૂપો અને છાયાઓ અનેક અનેક પ્રકારનાં બનતાં રહેલાં છે.

વળી, એ વાત પણ સ્પષ્ટ છે કે આ પરિસ્થિતિનો આખોયે દોષ પુરુષ, સ્ત્રી ઉપર ઢોળતો રહે છે અને એ જ રીતે સ્ત્રી પણ પુરુષ ઉપર આખો ને આખો દોષનો ટોપલો ઢોળતી રહે છે. પણ ખરી વાત તો એ છે કે આ દોષને **સ્ત્રી-પુરુષ બેમાંથી એકેયે પોતાની શ્રેષ્ઠતાની બડાઈ મારતાં અટકી જવું જોઈએ.** માનવજાતિમાંથી આ રીતનો શ્રેષ્ઠતા અને હીનતાનો ભાવ જ્યાં લગી નાબૂદ નહિ થાય ત્યાં સુધી કોઈ પણ વસ્તુ કે કોઈ પણ વ્યક્તિ આ ગેરસમજૂતીનો અંત લાવી શકવાની નથી. માનવ-જાતિમાં પડી ગયેલી આ બે સામસામી છાવણીઓ એવી ને એવી ટકી રહેશે અને આ પ્રશ્ન એવો ને એવો અણઊકલ્યો જ રહે.

આજે પણ સ્ત્રી અને પુરુષ પોતાના પરસ્પર વ્યવહારમાં એકબીજા પ્રત્યે તદ્દન જુલ્મગાર માલિકની રીતે જ વર્તતાં હોય છે અને સાથે સાથે એકબીજાની કંઈક દયાજનક રીતની ગુલામી પણ કરતાં રહે છે.

હા, **સ્ત્રી-પુરુષ એકબીજાનાં ગુલામ જ છે.** જ્યાં લગી તમારામાં કામનાઓ, રાગદ્વેષો અને આસક્તિઓ હશે ત્યાં સુધી તમે એ વસ્તુઓના ગુલામ જ હોવ છો, તેમ જ આ બધાની તૃપ્તિ માટે તમારે જે વ્યક્તિના ઉપર આધાર રાખવો પડશે તેની તમારે ગુલામગીરી જ કરવાની રહેશે.

આ રીતે જોતાં સ્ત્રી પુરુષની દાસ છે, તેને પુરુષ પ્રત્યે, પુરુષની શક્તિ પ્રત્યે આકર્ષણ છે. સ્ત્રીને 'ગૃહ' જોઈતું હોય છે, એ ગૃહમાંથી મળતી સલામતી તેને જોઈતી હોય છે. સૌથી વિશેષ તો સ્ત્રીને માતૃત્વની આસક્તિ વળગેલી છે. આ બધી વસ્તુઓ સ્ત્રીને પુરુષની દાસ બનાવી રાખે છે. એ જ રીતે પુરુષ પણ સ્ત્રીનો દાસ છે. એનામાં સ્વામિત્વનો ભાવ રહેલો છે, તે સત્તા અને આધિપત્ય માટે તલસતો હોય છે. તેનામાં જાતીય સંબંધની ભૂખ છે. પરિણીત જીવનમાંથી મળતી નાની મોટી સુખસગવડોમાં તેને આસક્તિ છે, અને આ બધું તેને સ્ત્રીનો દાસ બનાવી રાખે છે.

વસ્તુસ્થિતિ આમ છે એટલે જ **કોઈ પણ કાયદો સ્ત્રીને મુક્ત કરી શકવાનો નથી.** આ મુક્તિ સ્ત્રીએ પોતે જ મેળવવાની છે. એ જ પ્રમાણે પુરુષો પણ, તેમને સ્ત્રી ઉપર અમલ ચલાવવાની આટલી બધી ટેવ પડી ગયેલી છે, છતાં સ્ત્રીના દાસ મટી શકવાના નથી. તેઓ પોતાની આંતરિક ગુલામીમાંથી મુક્ત થશે ત્યારે જ તેમનું આ દાસત્વ ટળશે...

સ્ત્રી તથા પુરુષ બંને પોતાની ઉત્તમોત્તમ અવસ્થામાં તો આ જાતિનું તત્ત્વ ભૂલી જઈ શકે છે, પણ એ અંગેનું સહેજ અમથું પણ જો કોઈ ઉત્તેજન મળી આવે છે, તો એ તત્ત્વ પાછું જાગ્રત થઈ આવે છે. સ્ત્રીને થવા લાગે છે કે હું સ્ત્રી છું, પુરુષ જાણે છે કે હું પુરુષ છું. અને એમ પાછો

સંઘર્ષ શરૂ થઈ જાય છે અને આ સંઘર્ષ જેમ વધુ ગૂઢ રીતનો, અસ્વીકૃત રીતનો હોય છે તેમ તેનું સ્વરૂપ વધારે કાતિલ હોય છે. અને આ જોતાં તો એમ જ પ્રશ્ન થાય છે કે આ સંઘર્ષનો કદી અંત આવશે ખરો ? પુરુષ અને સ્ત્રી પોતના પુરુષ અને સ્ત્રીપણામાંથી નીકળી જઈને, કેવળ આત્મરૂપ બની રહે અને પોતે બંને એક જ મૂળ તત્ત્વમાંથી આવેલાં છે એ વસ્તુનો એક તદ્દન જાતિ વિનાના શરીરમાં આવિર્ભાવ કરી બતાવે ત્યાં સુધી આ સંઘર્ષે ચાલ્યા જ કરવું પડશે ?

આ પ્રશ્નનું નિરાકરણ હિંદમાં આ રીતની સુખદ અને આમૂલ રીતે નહિ સધાય ત્યાં લગી આ દેશ, બીજી ઘણી બાબતોમાં બનતું રહે છે તે મુજબ આ બાબતમાં પણ એક ઘણા ઉગ્ર અને વિરોધાત્મક વિરોધોની ભૂમિ બની રહેશે. પરંતુ એ વાત ચોક્કસ છે કે આ સર્વ વિરોધોને એક મહા વિશાળ અને સંઘારક એવા સમન્વયની અંદર ઓગાળી દઈ શકાય છે.

આપણે જોઈએ છીએ કે આ હિંદમાં જ મા ભગવતીની એક અતિશય તીવ્ર ભાવપૂર્વક, પરમ પ્રેમપૂર્વક પૂર્ણ આરાધના થઈ રહેલી છે. એને હિંદનું હૃદય વિશ્વની વિધાત્રી તરીકે, શત્રુઓની વિજેત્રી તરીકે, સર્વ દેવો અને બ્રહ્માંડોની જનેતા તરીકે, સર્વ વરોની દાત્રી તરીકે આરાધે છે.

અને સાથે સાથે આપણે એ પણ જોઈએ છીએ કે આ જ હિંદની અંદર સ્ત્રી તત્ત્વ પ્રત્યે એક મહા ધિક્કારની અને તિરસ્કારની લાગણી પણ રહેલી છે. સ્ત્રી તો પ્રકૃતિ છે, માયા છે, એક વિધ્વંસક ભ્રાંતિ છે, સર્વ પતનો અને સંકટોનું મૂળ છે, એ મહા છેતરનારી, પાપમાં પાડનારી, પ્રભુથી માણસને દૂર દૂર લઈ જનારી વસ્તુ છે એમ કહેવામાં આવ્યું છે.

હિંદના આખા જીવનમાં આ રીતનો વિરોધ વ્યાપેલો છે. હિંદનું ચિત્ત તથા હૃદય આ વિરોધથી કોરાઈ રહેલું છે.

તો આપણે આશા રાખીએ છીએ કે જગતમાં એક સમયે માનવમાં એક નવા વિચારનો અને એક નવી ચેતનાનો ઉદય થશે. એ વિચાર અને ચેતના પ્રકૃતિને એક નવી માનવજાતિનું સર્જન કરવાની ફરજ પાડશે. એ માનવજાતિને પછી પશુધર્મની રીતે શરીરનું સર્જન કરવાની ફરજને વશ થવાપણું નહિ રહેશે. અને એ જાતિને એકબીજાની પૂર્તિ કરે તેવી બે યોનીઓ વચ્ચે વહેંચાઈ જવાની ફરજ નહિ પડશે. પરંતુ આવો સમય આવે ત્યાં સુધી આપણે એટલું તો કરીએ જ કે આ બંને જાતિઓને આપણે સંપૂર્ણ સમાનતાની રીતે જ જોતા થઈએ, બંનેને એક જ સરખી કેળવણી અને તાલીમ આપીએ, અને તે બંને સર્વ યોનીભેદોથી પર એવી એક દિવ્ય વાસ્તવિકતા સાથે સતત સંપર્કમાં રહેતાં થઈને, જે મૂળ તત્ત્વમાંથી સર્વ શક્યતાઓ અને સંવાદિતાઓ પ્રગટ થાય છે તે તત્ત્વને પ્રાપ્ત કરે એવું જ્ઞાન તેમને શીખવીએ. અત્યારની માનવજાતિની પ્રગતિ માટે આપણે અત્યારે વધુમાં વધુ આટલું તો કરી જ શકીએ.

અને આમ થતાં કદાચ હિંદમાં જ, સર્વ વિરોધોની બનેલી આ ભૂમિમાં જ, માનવજીવનમાં નવા નવા સાક્ષાત્કારોની કલ્પના પ્રથમ તેના જ પારણામાં ઝૂલેલી છે તે મુજબ એ સર્વ સાક્ષાત્કારોની સિદ્ધિ પણ અહીં જ આવી બનશે.

'અર્પણ', સપ્ટે. ૨૦૧૩માંથી સાભાર ❑

## (૧૦) ગુજરાતી ભાષાના વ્યાકરણ અંગે

- ડૉ. યોગેન્દ્ર વ્યાસ

*[પૂજ્ય શ્રીમોટાના **'ગુજરાતી ભાષાના વ્યાકરણ'**નો સંકલ્પ સાકાર કરવામાં ડૉ. યોગેન્દ્ર વ્યાસ સદ્ભાગી બન્યા છે. યોગાનુયોગ તેઓશ્રી સાથે સંપર્ક થતાં, તેઓશ્રીની જે તે સમયની કામગીરી ઉપર પ્રકાશ પાડવા વિનંતી કરવામાં આવી હતી. તેઓશ્રી તરફથી મળેલ લખાણ તેમ જ પ્રથમ આવૃત્તિ સમયે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ, શ્રી ઈશ્વરભાઈ પટેલના 'બે બોલ' ઉપરાંત, આ સંપાદિત વિગતો અત્રે પ્રસ્તુત છે. -સં.]*

### બે બોલ

હરિઃૐ આશ્રમવાળા પૂજ્ય મોટાએ ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવા જ્ઞાનગંગોત્રીથી માંડી જ્ઞાનકોશ અને વ્યુત્પત્તિશાસ્ત્ર સુધીના જે અનેક સાહિત્યિક પ્રયાસોમાં ઉદાર હાથે દાન આપ્યું તેમ ગુજરાતી ભાષાનું એક અદ્યતન વ્યાકરણ તૈયાર કરવા સરદાર પટેલ યુનિવર્સિટીમાં હું કુલપતિ હતો ત્યારે રૂ. ૧૦,૦૦૦/-નું દાન આપ્યું હતું. ભાષાવિજ્ઞાનના જે નૂતન અભિગમો વિશ્વભરમાં વિકસ્યા છે અને વ્યાકરણશાસ્ત્રનો જે વિકાસ થયો છે તેનો આપણા વ્યાકરણના વિકાસની પશ્ચાદ્ભૂમિકા સાથે સમન્વય કરી એક અચ્છું ગુજરાતી વ્યાકરણ તૈયાર કરવાની પૂજ્ય શ્રીમોટાની નેમ હતી.

તદર્થે સરદાર પટેલ યુનિવર્સિટીમાં વ્યાકરણ-ભાષાશાસ્ત્રવિદોનો ત્રણ દિવસનો પરિસંવાદ યોજવામાં આવ્યો હતો. એ વ્યાકરણ તૈયાર કરવા એક લેખક સમિતિ રચી, પણ કામ આગળ ધપ્યું નહીં. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે મેં કામગીરી સંભાળી તે પછી દોઢેક વર્ષે પૂજ્ય મોટાએ એક દિવસ વ્યાકરણની યાદ તાજી કરી એ કામને પૂરું કરવાની જવાબદારી લેવા મને સૂચન કર્યું. પૂજ્ય મોટાનું સૂચન આદેશસમ લેખવાની મનોભાવનાથી મેં તરત જ હા પાડી અને પ્રો. અનંતરાય રાવળને લઈને તેમની પાસે પુનઃ પહોંચી ગયો. અમારા ગુજરાતી વિભાગના વડા તરીકે એમણે સંમતિ આપી અને પૂજ્ય મોટાએ સરદાર પટેલ યુનિવર્સિટી પાસેથી વ્યાજ સહિતની રૂ. ૧૨,૦૦૦/-ની રકમ ગુજરાત યુનિવર્સિટીને પહોંચતી કરી.

વળી પાછી એક સમિતિરૂપે અમે વારંવાર ચર્ચા-વિચારણા કરી. આખરે સૌને લાગ્યું કે એકાદ જુવાન ભાષાશાસ્ત્રવિદ આ કામ ઉપાડે અને એકાદ પ્રૌઢ ભાષાશાસ્ત્રી માર્ગદર્શન કરે તો કામ ઝડપથી આગળ વધે. એ સંદર્ભમાં ડૉ. યોગેન્દ્ર વ્યાસે, ભાષાવિજ્ઞાનની પીએચ.ડી.ની ઉપાધિ ધરાવતા જુવાન અને વિદ્વાન શિક્ષકે, સ્વ. ડૉ. પ્રબોધ પંડિતના માર્ગદર્શન હેઠળ આ જવાબદારી ઉપાડી અને વ્યાકરણની હસ્તપ્રત તૈયાર કરી આપી. એનું નિદર્શન પ્રો. અનંતરાય રાવળ અને પ્રો. કે. કા. શાસ્ત્રીએ કર્યું અને આખરી હસ્તપ્રત તૈયાર થતાં એના મુદ્રણવિતરણનો સવાલ ઊભો થયો.

પૂજ્ય મોટાના પ્રશંસક અને સાહિત્ય મુદ્રણાલયવાળા મારા સ્નેહી શ્રી વિષ્ણુપ્રસાદ પંડ્યાને આ જવાબદારી ઉપાડી લઈ, આ વ્યાકરણ ગુજરાત યુનિવર્સિટી અને સાહિત્ય મુદ્રણાલયના સંયુક્ત પ્રકાશન તરીકે હાથ ધરવા વિનંતી કરી, જે તેમણે ઊંડા ભાવથી સ્વીકારી. પરિણામે આ વ્યાકરણ ગુજરાતની પ્રજા સમક્ષ અમે મૂકી શક્યા છીએ અને પૂજ્ય મોટા પ્રત્યેનું અમારું ઋણ અદા કરી શક્યા છીએ.

પૂજ્ય મોટાનો, શ્રી વિષ્ણુભાઈનો, ડૉ. યોગેન્દ્ર વ્યાસનો તેમ જ પ્રો. અનંતરાય રાવળ અને પ્રો.

કે. કા. શાસ્ત્રી (નિદર્શકો)નો હું આભાર માનું છું અને આ વ્યાકરણ ગુજરાતી ભાષાના વિકાસમાં યત્કિંચિત્ યોગદાન અર્પશે તો અમે આનંદ અનુભવીશું.

ગુજરાત યુનિવર્સિટી **ઈશ્વરભાઈ પટેલ**
અમદાવાદ-૩૮૦ ૦૦૯. કુલપતિ
૨૫ જુલાઈ, ૧૯૭૭

* * *

## પૂજ્ય મોટાની મહેચ્છા 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ'

'હરિભાવ'ના સંપાદકશ્રીએ હૃદયપૂર્વક ઇચ્છ્યું છે કે પૂજ્ય મોટાના પ્રેમાદેશથી 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' કઈ રીતે લખાયું તેની વિગતો મારે રજૂ કરવી.

ઈ.સ. ૧૯૭૩ના ડિસેમ્બર મહિનામાં, એ વખતના ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ઈશ્વરભાઈ પટેલે 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' લખવા માટે સ્વ. મા. ભાયાણી સાહેબના નેતૃત્વમાં મને અને સ્વ. પ્રો. જયંત કોઠારીને કામગીરી સોંપી. ગુજરાતી ભાષાની ધ્વનિ વ્યવસ્થા વિશે મારે લખવાનું હતું. રૂપ (શબ્દ) વ્યવસ્થા વિશે જયંતભાઈ કોઠારી લખવાના હતા અને વાક્ય વ્યવસ્થા વિશે ભાયાણી સાહેબ લખવાના હતા. તે માટે ભાયાણી સાહેબને એક વરસની અભ્યાસ રજાઓ (study leave) પણ અપાયેલી. એક વરસની મથામણને અંતે ધ્વનિવ્યવસ્થા વિશેનું લખાણ સ્વ. પ્રો. પ્રબોધ પંડિતને તૈયાર કરીને મેં ૧૯૭૪ના અંતમાં આપ્યું. તેનાથી તેમને સંતોષ થયેલો. અગમ્ય કારણોસર ભાયાણી સાહેબ અને જયંતભાઈ વ્યાકરણલેખનની એ કામગીરીમાંથી છૂટા થયા અને ત્યારે જ ભાયાણી સાહેબ, ગુજરાત યુનિવર્સિટીના ભાષાવિજ્ઞાન વિભાગના અધ્યક્ષ, તરીકે પણ નિવૃત્તિ વય પહેલાં છૂટા થયા. એ વિશે એ સમયે વિદ્વાનોએ પોતપોતાની રીતે ચર્ચા છેડેલી પણ આજે હવે એ બહુ પ્રસ્તુત લાગતી નથી. ખેર, એ પછી ઈશ્વરભાઈ, અમારા પ્રો. અનંતરાય રાવળ સાહેબ (જેઓ ભાષાસાહિત્યભવનના ડિરેક્ટર હતા) અને મને લઈ પૂજ્ય મોટા પાસે પહોંચ્યા. માનનીય કાંતિભાઈ કાંટાવાળા સાહેબને ઘેર અમારી મુલાકાત ગોઠવાયેલી. પહેલાં તો આ આખું વ્યાકરણ આ યુવાન લખશે, એવી વાત સાંભળી, મારી સામે જોઈ, સહેજ મલકાઈને કાંતિભાઈ બોલ્યા, 'આ છોકરો ? આ છોકરો વ્યાકરણ લખશે ?' તે વખતે મારી ઉંમર ચોત્રીસ વર્ષની હતી. માનનીય રાવળ સાહેબે ડેક્કન કૉલેજમાં મેં કરેલી કામગીરી, 'જ્ઞાનગંગોત્રી' (વલ્લભ વિદ્યાનગર)માં મેં લખેલાં ચાર લખાણો અને અંગ્રેજીમાં 'ઇન્ડિયન લિંગ્વિસ્ટિક્સ' વગેરે જર્નલ્સમાં પ્રગટ થયેલા મારા સંશોધન લેખોની વિગતો આપી. આ બધું શાંતચિત્તે સાંભળી રહેલા પૂજ્ય મોટા બોલ્યા, 'જરૂર, આ છોકરો જરૂર વ્યાકરણ લખશે.' આ એમના આશીર્વાદ જ હતા.

પછીનાં દોઢેક વરસ ખરેખરા તપનાં ગયાં. એક બાજુ મારા પૂજ્ય પિતાશ્રી પથારીવશ હતા. ભાષાવિજ્ઞાન વિભાગનો બધો કાર્યભાર મારે માથે હતો અને અઠવાડિયાના ચોવીસથી સત્તાવીસ કલાક ભણાવવા ઉપરાંત એ સમયે મારા માર્ગદર્શનમાં પીએચ.ડી. કરી રહેલાં ત્રણ વિદ્યાર્થીઓને સતત માર્ગદર્શન પૂરું પાડવાનું હતું અને તે બધાની સાથે વ્યાકરણ-લેખનનું કામ આગળ ધપાવવાનું હતું. જ્યારે સવા વરસને અંતે મેં વ્યાકરણ-લેખનનું કામ પૂરું કર્યું ત્યારે મેરેથોન દોડીને આવ્યા જેવો મને અનુભવ થયો. મેં એ વ્યાકરણની પ્રથમ આવૃત્તિની પ્રસ્તાવનામાં નોંધ્યું કે, 'વ્યાકરણ-લેખન' એ કેવું મહેનત માગી લેતું, ધીરજનું અને સતત ધ્યાનની કેંદ્રિતતાની જરૂરવાળું, તેથી મગજને સતત રોકેલું ને રોકેલું રાખતું કામ છે એ જાણીતું છે. 'હેમચંદ્રાચાર્ય જેવા સંન્યાસી થયા સિવાય, બહોળા

કુટુંબમાં રહીને, વિદ્યાર્થીઓને ભણાવતાં ભણાવતાં, કુટુંબના અને વિદ્યાર્થીઓના નાના-મોટા પ્રશ્નોમાં સતત સંડોવાયેલા રહીને એ કામ કરવાનું કેટલું કઠણ તપ છે એનો અનુભવ મેં કર્યો છે.' **લાગે છે કે પૂજ્ય મોટાના આશીર્વાદ સાથે ન હોત તો એ કામ ભાગ્યે જ પૂરું થયું હોત.** મારી હસ્તપ્રત ગુજરાત યુનિવર્સિટીને સોંપાયા પછી, યુનિવર્સિટીએ પદ્મશ્રી કે. કા. શાસ્ત્રીને વ્યાકરણ-નિષ્ણાત તરીકે આ હસ્તપ્રત વાંચી જઈ સૂચનો કરવા સોંપી હતી. તેમનાં કેટલાંક કીમતી સૂચનોનો આ લખાણને લાભ મળ્યો છે અને કદાચ પૂજ્ય મોટાના આશીર્વાદનું જ ફળ હોય એમ એ વ્યાકરણ ચારેબાજુ આવકાર પામ્યું. ૧૯૭૭ના અંતમાં, એ સમયના ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન સ્વ. બાબુભાઈ જ. પટેલના હસ્તે એનું દબદબાપૂર્વક વિમોચન થયું. એમણે તેમના વ્યાખ્યાનમાં કહેલું કે 'આ પુસ્તકને હાથીની અંબાડી ઉપર મૂકી શહેરમાં સવારી રૂપે ફેરવી સન્માનવું જોઈએ.'

પૂજ્ય શ્રીમોટા હયાત હોત તો આ સમારંભ કેવો વધુ ભવ્ય થયો હોત તેવી લાગણી પણ વ્યક્ત થયેલી. સ્વ. મા. ઈશ્વરભાઈ અત્યંત ભાવુક બનેલા. સેનેટ-હૉલમાં ઉપર-નીચે થઈ હજાર-બારસો શ્રોતાઓ ખીચોખીચ બેઠા હતા. ઘણા તો ઊભા હતા. એવો એ ભવ્ય પ્રસંગ હતો.

વિમોચનને દિવસે જ તેની છસો-સાતસો નકલો વેચાઈ ગયાનું પ્રકાશન-અધિકારીએ મને જણાવેલું. (એ અલગ વાત છે કે સ્વ. વિષ્ણુભાઈ પંડ્યાએ તેની ત્રણ હજાર નકલો છાપી હતી છતાં મને તો માત્ર કરાર પ્રમાણે હજાર નકલોની જ રોયલ્ટી આપવામાં આવી હતી.)

સંતોષ એ વાતનો થયો કે એ વરસે વિવેચન, સંશોધન, ભાષા-વ્યાકરણ વિભાગમાં પ્રગટ થયેલાં ગુજરાતી પુસ્તકોમાં ગુજરાત સરકારે તેને શ્રેષ્ઠ પુસ્તક ગણીને પ્રથમ પુરસ્કાર આપ્યો. સ્વ. કે. કા. શાસ્ત્રીજી, પ્રો. રતિલાલ નાયક, પ્રિ. કીર્તિભાઈ વ્યાસ જેવા અભ્યાસીઓએ તેને અપૂર્વ વ્યાકરણ તરીકે પોત-પોતાનાં અવલોકનોમાં નવાજ્યું. મુંબઈ યુનિવર્સિટી સહિત ગુજરાતની લગભગ બધી યુનિવર્સિટીઓમાં એમ.એ.ના ગુજરાતી વિષયમાં એક પાઠ્યપુસ્તક અથવા સંદર્ભગ્રંથ તરીકે સ્વીકારાયું અને એમ.એ. (ગુજરાતી વિષય)નાં વિદ્યાર્થીઓ ઉપરાંત, યુ.પી.એસ.સી.-જી.પી.એસ.સી.ની પરીક્ષાની તૈયારી કરતાં ઉમેદવારોને આજ સુધી એ અનેક રીતે કામ લાગ્યું. **આજ સુધી એની પાંચેક આવૃત્તિઓ થઈ અને હજારો ઝેરોક્ષ નકલો થઈ.** કહી શકાય કે એ વ્યાકરણે ગુજરાતી વ્યાકરણ-લેખનની પરંપરા અને દિશા બદલી નાખી. એ પછી સ્નાતક કક્ષાનાં, પ્રાથમિક-માધ્યમિક કક્ષાનાં વ્યાકરણો મેં લખ્યાં અને મારાં વિદ્યાર્થીઓ ડૉ. અરવિંદ ભાંડારી, ડૉ. પિંકી પંડ્યા વગેરેએ એ પરંપરા ચાલુ રાખી.

આ છે ટૂંકાણમાં ગુજરાતી ભાષાના વ્યાકરણના પ્રકાશનની વિગત

**એક અભિપ્રાય :**

'ઈ.સ. ૧૯૧૯માં રા. બ. કમળાશંકર ત્રિવેદીએ લખેલા 'બૃહદ્ ગુજરાતી વ્યાકરણ'ને ચીલે જ અત્યાર સુધીનાં બધાં ગુજરાતી વ્યાકરણો ચાલ્યાં છે. આ વ્યાકરણ ગુજરાતી ભાષાને એક સ્વતંત્ર ઘટના અને સામાજિક પ્રવૃત્તિ તરીકે વર્ણવાનો પ્રયાસ કરે છે. ગુજરાતી ભાષાનાં ધ્વનિઓ, રૂપો અને રચનાઓ રૂપે ગુજરાતી ભાષાના ભાષાકીય ઘટકોની વ્યવસ્થાના નિયમોને ઊંડી સૂઝથી અહીં વર્ણવવામાં આવ્યા છે એ દૃષ્ટિએ વ્યાકરણ-લેખનનો આ નવો અભિગમ છે. વર્ણનની વૈજ્ઞાનિક ચોકસાઈ, વિષય ઉપરનું સાહજિક પ્રભુત્વ અને મુદ્દાસર-વ્યવસ્થિત છતાં જરાય શુષ્ક ન બની જતું સરળ-પ્રવાહી લખાણ આ પુસ્તકને ગુજરાતી વ્યાકરણનું એક અતિ મૂલ્યવાન પુસ્તક બનાવે છે.' ❑

# (૧૧) યોગની કાર્યક્ષમતા

શ્રી બિપીનભાઈ ગામી

જીવન એટલે જ સમસ્યા, જે ડગલે ને પગલે આવતી જ રહે છે. આજે સમાજ અશાંત છે, અવસ્થ છે. આજની અશાંત જિંદગી સ્ટ્રેસ અને ટેન્સનભરી જીવનશૈલી, સતત સમયની સાથે તાલ મિલાવવાની મુઝવણ, આર્થિક મોરચે રોજનો ટકરાવ, બાળકોને શૈક્ષણિકક્ષેત્રે અગ્રેસરની હરોળમાં રાખવા મા-બાપનો જીવ સટોસટનો સંગ્રામ અને વૈજ્ઞાનિકક્ષેત્રે ઝળહળતી તકોને ઝડપી લેવાનો ઉન્માદ, આજના માનવીને નથી ઘરનો કે નથી ઘાટનો રહેવા દીધો. સકળ સંસારની દોડના મૂળમાં કામ અર્થાત્ જાતીયવૃત્તિ, ધન પ્રાપ્તિની ઇચ્છા અને યશની કામના રહેલી છે. જીવનની વિષમતા એ છે કે આ ત્રણ કામનાઓ ક્યારેય તૃપ્ત થતી નથી. માનવીય ચિંતનના આ ત્રણ અશુદ્ધ કેંદ્રો છે.

યોગ પદ્ધતિ કોણે શરૂ કરી ? ક્યારે શરૂ કરી ? શા માટે શરૂ કરી ? ક્યાં શરૂ કરવામાં આવી વગેરે બાબતો પર આજે પણ ઇતિહાસવિદોમાં મતમતાંતર પ્રવર્તે છે. પથ્થરયુગની શિલાઓ ઉપર કંડારાયેલ આકૃતિઓ પ્રમાણે બીજી સદીમાં અથવા તો તેનાથી પણ અગાઉના સમયમાં યોગ પદ્ધતિ અમલમાં આવી હોવી જોઈએ તેવું ફલિત થાય છે.

**યોગનું વૈજ્ઞાનિક મહત્ત્વ :**

તે સમયના પારસ્પારિક પ્રવૃત્ત સંજોગો અનુસાર તંદુરસ્ત તેમ જ નિરોગી રહેવાના અને રોગોની સારવાર માટે ઉપયોગમાં લેવાતી પ્રચલિત ચિકિત્સા માટેની રીતરસમોમાં યોગ પદ્ધતિની માન્યતા ઘણા જ વિશાળ ફલક પર પથરાયેલી હશે, કારણ કે આજની 'મેડિકલ' ભાષામાં જેને 'એનોટોમી અને ફિઝિયોલોજી' કહેવામાં આવે છે તે શરીર રચના, તેમાં રહેલ અવયવો, તેનાં કાર્યો, તેની અંદર થતી ચહલ-પહલ, ક્રિયા-પ્રતિક્રિયા વગેરેનો પ્રાથમિક અભ્યાસ એક આરોગ્યના જ્ઞાનની દૃષ્ટિએ જરૂરી બની રહે છે. તે દરેકનું ઝીણવટભર્યું જ્ઞાન આપણા પૂર્વજો ધરાવતા હતા તે નિર્વિવાદ છે. દા.ત., આપણું શરીર પ્રકૃતિજન્ય પાંચકોષો અન્નમયકોષો, પ્રાણકોષો, મનોન્મયકોષો, વિજ્ઞાનમયકોષો અને આનંદમય કોષોનું બનેલું છે, તેવું ઊંડાણપૂર્વકનું જ્ઞાન તેઓએ સાધ્ય કરેલ. જે આજે વૈજ્ઞાનિક રીતે પુરવાર થયેલ જોવા મળે છે. જ્યારે જ્યારે પંચકોષોના સમતોલનમાં ફેરફાર થાય છે ત્યારે ત્યારે શારીરિક તકલીફ જણાય છે. એટલે કે આપણા આંતરિક શારીરિક વાતાવરણમાં ગરબડ શરૂ થાય છે. આજની મેડિકલ સંશોધનમાં પણ 'શારીરિક સમતોલન'ના સિદ્ધાંતને જ તંદુરસ્તીના અજોડ ઉપાય તરીકે સ્વીકારાયેલ છે.

**માંદગી બીમારી શું છે અને તે શાથી થાય છે ?**

યોગના અભ્યાસનું ક્ષેત્ર 'માનવ શરીર' હોય છે, સ્વસ્થ શરીરના અવયવોનો પ્રત્યેક કોષ એક નિશ્ચિત 'ડોલન-ગતિ'માં રહેલો હોય છે. શરીરના કોષમાં થતી અનિયમિતતા તથા ડોલનશક્તિમાં થતાં ફેરફાર એ તે ચોક્કસ અવયવની બીમારી-માંદગી. રોગ એ અનિયમિત ડોલન ગતિનું પરિણામ છે અને રોગનાં બાહ્ય લક્ષણો એ શરીરની વીજચુંબકીય શક્તિમાં થયેલ અવ્યવસ્થાનું નિદર્શન કરે છે.

તેની સીધી અસર શરીરના રચનાત્મક સંકલન માટે કાર્યરત વિવિધ સિસ્ટમમાં ગરબડ ઊભી કરે છે. અવયવોને જરૂરી હલનચલનના પરિશ્રમથી મળવા જોઈતા મસાજ-ટોનિંગ વગેરેનો અભાવ, તેની સીધી અસર આપણા સાંધા અને સાંધાના જોડાણ ઉપર થાય છે, જે થકી રુધિરનો પ્રવાહ અનિયમિત બને છે અને પરિણામે આપણા શરીરમાં અનેક સમસ્યાઓ ઊભી થાય છે. આવા ફેરફારની

અસર એટલે નિસ્ક્રિયતાનો અનુભવ, શારીરિક સ્ફૂર્તિમાં ઘટાડો અથવા તો શરીરમાંરોગ થવાના એંધાણ.

આવી સ્થિતિનું વિશ્લેષણ, શરીરના વિજ્ઞાનમયકોષો શક્તિ દ્વારા થતાં જે રોગ થવાનો પહેલો આભાસ થાય છે. જેની અસર મનોન્મય કોષો પર પરિવર્તિત થાય છે. જે પ્રાણમયકોષોમાં શ્વાસોશ્વાસમાં તુરત વધઘટ ફેરફાર કરે છે. જેનું પ્રતિબિંબ અન્નમયકોષો પાચન ઉપર આજીર્ણત્વ, અતિજીર્ણત્વ અને કુજીર્ણત્વ થતું અનુભવાય છે અને તેની અસર શારીરિક અશક્તિનો અનુભવ થવો, કે શક્તિનો વ્યય થવાનો એહસાસ થવાથી, તેની અસર શરીરની સ્ફૂર્તિમય તંદુરસ્તી ઉપર પડે છે અને દરેક પ્રકારની શારીરિક પીડા શરૂ થાય છે. જેના ઉપરથી નિદાન કરવામાં આવે છે જેને 'વ્યાધિ' તરીકે સ્વીકારાય છે.

યૌગિક પદ્ધતિ અનુસાર જીવનમાં અવિદ્યા થકી શારીરિક અને માનસિક સમતોલન ખોરવાઈ જાય છે. માણસનું સમગ્ર વ્યક્તિત્વ મનો-શારીરિક છે. રોગનાં મૂળિયાં મનના પ્રદેશમાં રહેલાં જણાય છે. યૌગિક પદ્ધતિનો હેતુ એ છે કે આપણા મન ઉપર બહારના વાતાવરણથી થતી 'વૃત્તિ'-'સેન્સેનલ' અસરના એક વિશ્લેષણકર્તા તેમ જ શરીરના આંતરિક વાતાવરણને સમતુલ રાખવા નિયામકની ફરજ બજાવે તે છે, નહિ કે તંદુરસ્તી.

**યોગની કાર્યદક્ષતા શું ?**

- દરેકને સુખાકારી આપે છે.

- યોગ ચિકિત્સા ૯૦ ટકા શારીરિક કચરાના નિકાલ માટે છે.

- શરીરમાં છુપાયેલ સુષુપ્ત શક્તિનો કેવી રીતે સદુપયોગમાં લઈ શકાય તેનું ચિંતન કરાવે છે.

- શારીરિક હલન-ચલન તેમ જ સ્થિરતા પ્રદાન કરે છે.

- શરીરની મેટાબોલિક સિસ્ટમને જાગૃત કરી જરૂરી 'ટોનીંગ' આપે છે.

- અલગ અલગ આસનો દ્વારા શારીરિક, માનસિક, લાગણીમય તેમ જ આધ્યાત્મિક શક્તિઓનું બેલેન્સ જાળવવાનું શક્ય કરે છે, જે દ્વારા શારીરિક દૃઢતા બક્ષી ધડકતા જીવનનો અનુભવ કરાવે છે.

**યોગ થકી સ્વાસ્થ્યપૂર્ણ જીવનક્રિયા કેવી રીતે કરી શકીએ ?**

દેશ, કાળ કે જાતિના ભેદભાવ વગર યોગ એ મનુષ્યને કુદરતે બક્ષેલો તમામ શક્તિઓને વિકસાવવાની ગુરુચાવી છે, યૌવનને ટકાવી રાખવાની એક પવિત્ર વૈજ્ઞાનિક ઉત્તમ ઔષધિય પદ્ધતિ છે. યોગનું લક્ષણ, કાર્યમાં કુશળતા લાવવાનું છે, જેનું આરોગ્ય સારું તેને દરેક વસ્તુ સાધ્ય થઈ શકે છે. જીવનને જીવવા માટે નવો જ દૃષ્ટિકોણ સાંપડે છે.

યોગનું પ્રાથમિક કાર્ય તો મનને સાંત્વન આપવું, શરીરમાં થતાં રોગજન્ય પ્રતિબળો સામે પ્રતિકારક શક્તિ વિકસાવવી. **શ્વાસના નિયંત્રણ દ્વારા, ચંચળ મનને સંયમમાં રાખી, તનાવમુક્તિ**, તનાવ અને ચિંતાથી શારીરિક શક્તિના ઘસારાને ખાળવો, જરૂરી ફ્લેક્ષીબીલીટી જાળવી, શારીરિક સ્ફૂર્તિમય અને કર્તવ્ય પરાયણતામાં જરા પણ ઊણપ ન વર્તાય એ માટે શરીરને શિથિલતા પ્રાપ્ત કરવા માટે જરૂરી તાલીમ આપવાનું લક્ષ રહેલું છે. **યૌગિક પદ્ધતિથી સમગ્ર માનવજાતિ આરોગ્ય, શાંતિ અને આનંદ પ્રાપ્ત કરી શકે છે.**

યોગ્ય માપદંડ પ્રમાણે, શારીરિક શક્તિનું સંચાલન, તંદુરસ્તી માટેના જરૂરી નિયંત્રણનું પ્રાથમિક શિક્ષણ, તેમ જ તંદુરસ્તી માટેની જરૂરી માનસિક જાગૃતિ અને તે થકી સ્વ દ્વારા આત્મા-પરમાત્મા સાથે સંધાન-તાલમેલ સાધી, બાહ્ય

વિકારોમાંથી મુક્તિ મેળવી ધ્યાનસ્થ બનવાની રીત એટલે જ યોગ પદ્ધતિ. આના દ્વારા વ્યક્તિને આરોગ્ય અને માનસિક સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. **સ્વસ્થતા જ સમર્થ શક્તિ છે**, ઉન્નતિનું પ્રવેશ દ્વાર છે. તેની પ્રાપ્તિ અર્થે આ જ અમોઘ અને અદ્વિતીય ઉપાય છે. એના દ્વારા જ તન-મનની ગુપ્ત શક્તિઓનો સમ્યક વિકાસ થાય છે. યોગ શરીર અને મનના સ્વાસ્થ્યનો પાયો ગણાયો છે. **મનનો વિકાસ તે જ માનવનો વિકાસ છે.** યોગ પદ્ધતિ માનવીને જીવન જીવવાની કનકકડી બની રહે છે. યોગાસન એ ચિકિત્સા માટે નથી, પણ સ્વાસ્થ્ય સુરક્ષા તેનો હેતુ છે.

**જેનું આરોગ્ય સારું તેનું મન સારું. જેનું મન સારું તેના વિચાર સારા. અને જેના વિચાર સારા તેનું આચરણ સારું. અને જેનું આચરણ સારું તેનાં કર્મો સારાં. જેનાં કર્મો સારાં તેનું જીવન સારું અને જેનું જીવન સારું તેનું મૃત્યુ સારું (મોક્ષ).**

'કબીર કૂવા એક હૈ, પનિહારી અનેક' આપણે સૌ એક પરમેશ્વરના સંતાન. દરેકની વ્યથા, રોગ, પીડામાં ફરક નથી. દરેકના યૌગિક ઉપાયો વિશ્વમાં એક છે. દરેક શાંતિ અને સુખ ઇચ્છે છે, પછી ઈર્ષ્યા, વાડાના ભેદો પાડીને આપણે હેરાન કેમ થઈએ છીએ ? સત્યમ્, શિવમ્ અને સુંદરમ્ ચિંતનના શુદ્ધ ત્રણ કેંદ્રોનું નિર્માણ જ જીવનને સ્વસ્થ અને પ્રસન્ન કરી શકે છે. આત્મશુદ્ધિ વિના આત્માના ગુણોનો આવિર્ભાવ થવો મુશ્કેલ છે. **ઈશ્વરે આપણા શરીરમાં એવી યોજના કરેલી હોય છે કે મન ક્યારેય ઘરડું થતું નથી, મનથી ક્યારેય વ્યક્તિ વૃદ્ધ થતો નથી**. સિવાય કે વ્યક્તિ સમજણપૂર્વક આ માટે પહેલેથી જ સજાગ અને પ્રયત્નશીલ રહે તો. મોટાભાગના દર્દીઓ પોતાની માનસિક બીમારી માટે જ્યારે સારવાર કરાવવા જાય છે ત્યારે અચૂક વિનંતી કરતા જોવા મળે છે કે 'એવું ટૉનિક આપો જેનાથી મગજ પાવરફુલ રહે, વાંચેલું યાદ રહે, મગજ ધાર્યા પ્રમાણે ધ્યાનમસ્ત રહે તેમ જ પથારીમાં પડતાંની સાથે જ ઘસઘસાટ ઊંઘ આવી જાય.'

આપણા શરીરનું નિયંત્રણ હંમેશાં આપણું મન જ કરતું હોય છે. સ્વસ્થ મન, સ્વસ્થ શરીરનું નિર્માણ કરે છે. આપણી સર્જનશક્તિ તેમ જ કલ્પના શક્તિથી વૃદ્ધત્વને દૂર રાખવા નવીન રહેણીકરણીની, વસ્તુઓની શોધ માટે મનને સતત કાર્યશીલ રાખવું ઉચિત બની રહે છે. ❑

**(અનુસંધાન પૃ. ૧૪નું ચાલુ)**

થઈને ઊભો રહ્યો. એ બોલ્યો, 'અરે આ તો અઢી લાખનું કાગળિયું છે !' 'ભલેને તે પાંચ લાખનું હોય. તમે છૂટા, હું છૂટો. ભાવ વધ્યો ત્યારથી મને ઊંઘ આવતી નહોતી. મનમાં થતું કે આ સોદો શી રીતે પૂરો થશે ? વેપારી વેપાર કરે, કમાય, પણ સામાને ખુવાર તો ન કરે. મારા મનમાં આ દાહ લાગ્યો હતો. આ માટે તમને જલદી મળવા ઇચ્છતો હતો.'

સામો વેપારી પૂતળા જેવો થઈ ગયો. થોડી વારે એ બોલ્યો, 'તમે વેપારી છો કે સાધુ ?'

**'હું સાધુ નથી. વેપારી છું. વેપારીને પણ નીતિ-ધર્મના સાધુ જેવાં વ્રતો હોય છે. વેપારી વેપારમાંથી દૂધ પીવે પણ માણસનું લોહી તો કદી ન પીવે.'**

સામો વેપારી આ ધર્મનિષ્ઠ વેપારીનાં ચરણમાં પડી ગયો. એ બોલ્યો, 'તમે વેપારી નથી. તમને નમવું તે સાધુને નમન બરાબર છે.' આ સાધુ વેપારીની વાત બજારમાં જેણે જેણે જાણી એનું માથું સ્વતઃ નમી ગયું.

આ સાધુ વેપારીનું નામ શ્રીમદ્ રાજચંદ્ર ! વીસમી સદીના મહાન તત્ત્વચિંતક અને મહાત્મા ગાંધીજીના એક ગુરુ !

'સ્પર્શ', પ્ર. આ., પૃ. ૧૧૭ ❑

# (૧૨) પૂજ્ય શ્રીમોટાના માર્ગદર્શનનો એક પ્રસંગ

**શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય**

'સંદેશ'ના તંત્રી સદ્‌ગત નંદલાલ બોડીવાલા સાથે મારે સંબંધ બંધાયો હતો. પૂ. ગાંધીજીના દેહાંત સાથે મેં લખવાનું શરૂ કર્યું. પ્રથમ લેખ આ નિમિત્તે શ્રી બોડીવાલાએ છાપ્યો. મારો રસ લેખનકાર્ય તરફ વળ્યો હતો. 'સંદેશ'માં રામાયણ, મહાભારત અને ભાગવત્ ઉપર ક્રમશઃ રોજ એક કૉલમ લખતો. આ કૉલમનું નામ 'શ્રીકૃષ્ણચરણે' હતું. થોડા વખત પછી 'સંદેશે' 'સત્સંદેશ' નામનું ધાર્મિક માસિકપત્ર શરૂ કર્યું. તેનું સંપાદન કામ તેમણે મને આપ્યું, અને પછી સંદેશનો અગ્રલેખ લખવાનું કાર્ય મારી પાસે આવ્યું.

પૂજ્ય શ્રીમોટા દર વર્ષે હરિજન આશ્રમમાં આવીને રહેતા. સવાર અને સાંજે જે વખત મળતો તે તેમની પાસે બેસવામાં હું ગાળતો. **તે વખતે પૂજ્ય મોટા ઘણા સુલભ હતા. અમે કલાકો સુધી પેટ ભરીને વાતો કરતા.**

એ અરસામાં પૂજ્ય મોટાનું 'જીવન સંદેશ' પુસ્તક છપાવવાનું કામ 'સંદેશ'માં આવ્યું. આ પુસ્તકની પ્રસ્તાવના લખવાનું પૂજ્ય મોટાએ મને સૂચવ્યું. બીજે દિવસે હું પુસ્તક વાંચી ગયો અને એ પછી પ્રસ્તાવના લખી નાખી. આ પ્રસ્તાવના ઉપરાંત, પૂજ્ય સંતબાલજીનાં આશીર્વચન લેવામાં આવ્યા. પૂજ્ય મોટા મને કહે, 'ભઈલા ! મને તો એવી જરૂર નથી લાગતી પણ ઘણાંને એમ કે કોઈ લોકપ્રસિદ્ધ વ્યક્તિની પ્રસ્તાવના હોય તો તેનું મૂલ્ય વધી જાય એટલે શ્રી સંતબાલજીનાં આશીર્વચન લીધાં છે.'

મેં પૂજ્ય મોટાને કહ્યું, 'મોટા ! આપના પુસ્તક માટે પ્રસ્તાવના, સંપાદકીય કે આશીર્વચન જે કહો તે લખવામાં આપનું અને આપનાં લખાણનું મૂલ્યાંકન થવા કરતાં પ્રસ્તાવના લેખકનું મૂલ્યાંકન થાય છે.'

એક વખત સાંજે મારે આંગણે એક મોટર આવીને ઊભી રહી. તેમાં આવનાર 'સંદેશ'ના તંત્રીશ્રી નંદલાલ બોડીવાલા હતા. હું મોટર પાસે ગયો. શ્રી બોડીવાલાએ મને કહ્યું, 'હું તમને અભિનંદન આપવા આવ્યો છું.' મેં પૂછ્યું, 'શા માટે ?' તેમણે કહ્યું, 'હું તમને 'સંદેશ'માં મૅનેજર બનાવું છું.'

હું તેમની સાથે મોટરમાં બેઠો અને વાતો કરી. તેમણે મને 'સંદેશ'ના કાર્યાલય ઉપરના ફ્લેટમાં રહેવા આવવાની સગવડ આપવાનું પણ કહ્યું. મેં તેમનું કહેવાનું બધું શાંતિ અને પ્રેમથી સાંભળી લીધું. તે પછી મેં કહ્યું 'આવતી કાલે સવારે હું આપને મળીશ અને નિર્ણય કરીશું.'

શ્રી બોડીવાલા ગયા. પૂજ્ય મોટા ત્યારે આશ્રમમાં જ હતા. હું તેમની પાસે ગયો અને શેઠશ્રી બોડીવાલાએ મૂકેલી દરખાસ્ત મેં તેઓશ્રીને કહી સંભળાવી. પૂજ્ય મોટાએ મારી વાત સાંભળી લીધી અને કહ્યું, 'સવારે જવાબ આપીશ.'

બીજે દિવસે સવારે હું પૂજ્ય મોટાને મળવા ગયો. તેમણે કહ્યું, 'આજે સવારે મને સ્વામીનારાયણના શ્રીજી મહારાજનો ખ્યાલ આવ્યો. **શિક્ષાપત્રીમાં તેમણે લખ્યું છે કે વ્યવહારમાં સ્પષ્ટતા કરી લેવી સારી.** હું તારી સાથે આવું છું. આપણે શ્રી નંદલાલભાઈને મળીએ અને પછી નિર્ણય કરીએ.'

પૂજ્ય મોટા અને હું સાઈકલ પર આશ્રમ (હરિજન આશ્રમ, સાબરમતી-સં.)થી નવરંગપુરા ગયા. શ્રી નંદલાલભાઈને મળ્યા. શ્રી નંદલાલભાઈએ વકીલ મારફત કૉન્ટ્રાક્ટ કરવાની તૈયારી બતાવી. 'સંદેશ'ના મકાન ઉપરના ફ્લેટમાં રહેવાની સગવડ આપવાનું કહ્યું, શરૂમાં પગાર રૂ. ૪૫૦ થી ૫૦૦ અને એક વર્ષ પછી પ્રેસના નિયમ પ્રમાણે ફર્સ્ટ ક્લાસ પ્રેસના કેડરમાં મૂકી દેવાનું કહ્યું. આઠદસ વર્ષનો કોન્ટ્રેક્ટ કરવા કબૂલાત આપી. પૂજ્ય મોટા જેમ કહે તેમ કરી આપવાની તેમણે

તૈયારી બતાવી, અમે કલાકેક વાતો કરીને ઊઠ્યા. સાંજે જવાબ આપીશું એમ કહ્યું.

હું અને મોટા સાઈકલ ઉપર પાછા ફર્યા. રેડિયો ઘર પાસે તેઓ સાઈકલ ઉપરથી ઊતરી ગયા. ફૂટપાથ પાસે સાઈકલ ઊભી કરી. મેં પણ તે પ્રમાણે કર્યું. તેઓને થોડો શ્વાસ ચઢ્યો હોય તેવું લાગતું હતું. થોડીવાર પછી પૂજ્ય મોટાએ મને કહ્યું, **'ભઈલા ! નંદલાલભાઈને નમ્રતાપૂર્વક ના કહી દેજે.'** અમે ઘેર આવ્યા. મેં સાંજે નવરંગપુરા જઈ શ્રી નંદલાલભાઈને નમ્રતાપૂર્વક ના કહી દીધી.'

આ પ્રસંગની નોંધપાત્ર બાબત હોય તો તે એ છે કે ત્યાર પછી અમે ક્યારેય એક ક્ષણ માટે પણ આ પ્રસંગની ચર્ચા કરી નથી. પૂજ્ય મોટાએ પોતે સૂચવેલ નિર્ણય કેમ કર્યો, શા માટે કર્યો તેનો ખુલાસો કર્યો નથી. તેમ જ મેં પણ એ બાબતમાં તેઓને એક પણ સવાલ પૂછ્યો નથી. તેમણે સૂચના આપી અને મેં અમલ કર્યો.

'સંદેશ'નું મૅનેજરપદ મેળવી આગળ ઉપર કદાચ નિષ્ફળ જવાનો પૂરો સંભવ હોય પણ મારા જેવા આશ્રમના એક ઓરડાના ઘરમાં રહેતા, કેવળ જીવનનિર્વાહ પૂરતું વેતન લઈ કામ કરતા યુવાનને આ ઑફર-દરખાસ્ત કેટલી લલચાવનારી હશે તેની કલ્પના કરવી કોઈને માટે અઘરી નથી. પ્રથમ તો મારા 'સંદેશ'ના કામની કદરરૂપે આ દરખાસ્ત આવી હતી. આવી કદરદાનીની દરખાસ્ત તદ્દન ઈન્કારવામાં પણ વ્યાવહારિક રીતે ઘણો સંકોચ થતો હતો.

પૂજ્ય મોટાની કૃપાથી આ કસોટીમાંથી સરળ રીતે પાર ઊતરી જવાયું. તેમની જ કૃપાથી મેં કોઈ મોટો ત્યાગ કર્યો એવું અભિમાન પણ ફરક્યું નથી અને પૂજ્ય મોટાની નિર્ણયાત્મક સૂચનાને વગર વિચાર્યે સ્વીકારી લઈ શકવાનું અભિમાન પણ ફરક્યું નથી.

જે બન્યું તે સહજ ને સરળ રીતે બની ગયું !

'મોટા મારી મા', પ્ર. આ., પૃ. ૩૬ સાભાર ❑

## (૧૩) કબીરવાણી : 'કહેણી અને કરણી'

**સંત કબીર**

(૧)

*કહતા પર કરતા નહિ, મુંહકા બડા લબાર,*
*કાલા મુંહ લે જાયગા, સાહબ કે દરબાર.*

(૨)

*કહના મીઠી ખાંડ સી, કરના વિખકી લોય,*
*કહની ત્યોં રહની રહે, બિખકા અમૃત હોય.*

(૩)

*કથની બકની છોડ દે, રહની સે ચિત લાય,*
*નિરખિ નીર પિયે બિના, કબહૂ પ્યાસ ન જાય.*

(૪)

*એરણી કે ચોરી કરે, કરે સુઈ કો દાન,*
*ઉંચા ચઢ કર દેખતે, કૈતક દૂર વિમાન.*

(૫)

*તીરથ ચલા નાહન કો, મન મેલ ચિત ચોર,*
*એકો પાપ ન ઉતાર્યા, લાયા મન દશ ઔર.*

(૬)

*રામ ઝરોખે બૈઠ કર, સબકા મુજરા લેત,*
*જિનકી જૈસી ચાકરી, તીનકો વૈસા દેત.*

(૭)

*જબ તૂ આયો જગત મેં લોક હસે તૂ રોય,*
*ઐસી કરની મતિ કરો, કે પીછે સે હસે કોય.*

(૮)

*સાહબ કે દરબાર મેં સાચે કો શિરપાવ,*
*ઝૂઠા તમાચા ખાયગા, કહા રંક કહા રાવ !*

(૯)

*ન્હાયો ધોયો ક્યા ભયો ? મનકા મૈલ ન જાય,*
*મીન સદા જલમેં રહે, ધોવે ગંધ ન જાય.*

'સંત કબીર આધ્યાત્મિક પદો', (વાડીલાલ મો. શાહ) પ્ર. આ., માંથી સાભાર ❑

## (૧૪) હરિઃૐ સત્સંગ મંડળ-વાર્ષિક સ્નેહસંમેલન

યશવંતભાઈ પટેલ

હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદનો વાર્ષિક સ્નેહસંમેલન સમારંભ તા. ૨૩-૨-૨૦૧૪ના રોજ ગુજરાત વિદ્યાપીઠના સભા હૉલમાં યોજાયો હતો. તેમાં સત્સંગ મંડળનાં સભ્યો, સ્વજનો અને આમંત્રિતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલાં. નરોડાનિવાસી શ્રીમતી કુસુમબહેન અશોકભાઈ પટેલે સભાનું પ્રમુખપદેથી સુચારુ સંચાલન કર્યું હતું.

પ્રણાલિકા અનુસાર હરિઃૐ મંત્રની લેખનપોથી ઉલ્લેખનીય સંખ્યામાં લખનાર સ્વજનોનું સન્માન કરાયું હતું. સ્વજનોના તેજસ્વી તારલાઓને પણ પ્રોત્સાહિત કરવાની ભાવનાથી તેઓને બિરદાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ગુણ અને ભાવ, સાહસ, હિંમત, પ્રમાણિકતા દર્શાવનાર કેટલાંકનાં ઉમદા કાર્યને સ્વજનોએ ઉમંગથી આવકાર્યા હતાં. દાખલા તરીકે-

(૧) અમદાવાદમાં ભરબજારે ને ધોળે દિવસે ઝવેરીને લૂંટવા જનાર લૂટારુઓનો સામનો-પીછો કરી ફાયરિંગનો ભોગ બનેલા એક સામાન્યજન શ્રી કનુભાઈ કાશીરામ પટેલ અને શ્રી સુરેશભાઈ ડી. ગણાત્રા.

(૨) ઉપરોક્ત પ્રસંગે રૂ. ચાળીસ લાખનો થેલો બચાવી માલિકને સુપ્રત કરનાર શ્રી રાજેન્દ્રભાઈ પી. પટેલ

(૩) સાણંદ રોડ ઉપરના પેટ્રોલ પંપ ઉપર મધ્ય રાત્રિએ લૂંટના ઈરાદે આવેલાઓને હિંમતપૂર્વક સામનો કરી ભગાડી મૂકનાર ચોકીદાર શ્રી ખુમાનસિંહ સોલંકી અને શ્રી ગણેશભાઈ ભરવાડ.

(૪) જૂનાગઢથી પ્રવાસે નીકળેલ શિક્ષક ઊંઝા મુકામે કિસ્મત પાન પાર્લર ઉપર રૂ. ૭૦,૦૦૦નું પર્સ ભૂલી ગયેલા. જે પાછળથી પ્રમાણિકપણે શિક્ષકને પરત કરનાર શ્રી બિપીનભાઈ પટેલ

(૫) નડિયાદ ખાતે બેગો રિપેરિંગના કામકાજથી દનિયું રળનાર શ્રી દિલીપભાઈ પરમારે રિપેરિંગ માટે મૂકી ગયેલ પાકીટમાંની મોટી રકમ અને અગત્યના કાગળો માલિકને પરત કરેલ.

(૬) ઈન્કમટૅક્સ કચેરી અમદાવાદ ખાતે ચાની લારી ચલાવનાર શ્રી જીવણજી ઠાકોરે રૂ. ૮૦,૦૦૦નું પાકીટ ભૂલી જનાર માલિકને જેમનું તેમ પરત કરેલ. લોભ-લાલચની લપેટમાં આવ્યા વિના.

(૭) ગોકુલેશ પેટ્રોલ પંપ, નારોલ, અમદાવાદ ખાતે પેટ્રોલ પુરાવીને પોતાની બૅગ ભૂલીને જતા રહેલ રૂ. ૩ લાખ અને ઘણા અગત્યના દસ્તાવેજોની બૅગ મૂળ માલિક તપાસ અર્થે આવતાં પરત કરનાર કર્મચારીઓ-શ્રી પ્રવીણસિંહ સોનાલા, શ્રી શિરીષભાઈ કાંબલે અને શ્રી જગદીશભાઈ પટેલ

(૮) પૌત્રીનાં લગ્ન સમયે મળેલ ચાંલ્લાની રકમ હરિઃૐ આશ્રમને પૂજ્ય શ્રીમોટા પ્રેરિત શૈક્ષણિક કાર્યો માટે સુપ્રત કરનાર અમદાવાદના શ્રી બાબુભાઈ રામી.

(૯) ગોકુલેશ પેટ્રોલ પંપ, નારોલ અમદાવાદના માલિક શ્રી ભરતભાઈ પરીખ પરિવાર-દીકરીનાં લગ્ન બાદ રિસેપ્શનના સ્થળે પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકો પૈકી પોતની રુચિ પ્રમાણે પુસ્તકો પ્રેમથી લઈ જવા માટે અને 'હરિભાવ'ના આજીવન સભ્ય થવા ઈચ્છનારે પોતાનાં નામ-સરનામાં આપવાની જાહેર વિનંતી મૂકવા માટે-શ્રીમોટાના શબ્દના પ્રસાર માટે લગભગ રૂપિયા દોઢેક લાખનો વિશિષ્ટ

સહયોગ આપવા માટે શ્રી ભરતભાઈ પરીખ. તેઓ પરદેશના પ્રવાસે હોઈ તેમના પ્રતિનિધિ ઉપસ્થિત રહ્યા હતા.

(૧૦) શ્રી જયંતીભાઈ જાની, રહેવાસી અમદાવાદ. પૂજ્ય શ્રીમોટાના અતિપ્રિય એવા નામસ્મરણ-જપયજ્ઞને શરૂમાં અમદાવાદ-નરોડા ખાતે અને છેલ્લાં બારેક વર્ષથી દર શનિ-રવિ સુરતનાં વિવિધ સ્વજનોનાં ગૃહે સ્વખર્ચે જઈ પ્રવૃત્તિને ચાલુ રાખનાર એક ઉલ્લેખનીય સ્વજન તરીકે.

પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તક, ટ્રૉફી, શાલ તેમ જ યોગ્ય જનોને રોકડ પુરસ્કારથી ઉપરોક્ત સર્વેને નવાજવામાં આવેલ. ખાસ તો આવા આગવા કાર્યોની સમાજ નોંધ લે એ કદરભાવના જ કેંદ્રસ્થાને રહેલ.

આ સંમેલનમાં ડૉ. કૌશિક મહેતા અને શ્રી રાજેશ વ્યાસ (મિસ્કીન) ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ પૂજ્ય શ્રીમોટા સાથેનાં પોતપોતાનાં સંભારણાં મુક્ત મને સ્વજનો સમક્ષ ભાવપૂર્વક રજૂ કરેલાં.

**ડૉ. કૌશિક મહેતા :-**

ગુજરાત યુનિવર્સિટીના પ્રો. જે. એચ. શાહ, પૂજ્ય શ્રીમોટા સાથે સંકળાયેલા હોઈ મારા ગાઈડ તરીકે પૂજ્ય શ્રીમોટાના સાહિત્ય ઉપર પીએચ.ડી. કરવા મને જણાવેલું. પ્રારંભમાં અતિ મુશ્કેલ-લગભગ અશક્ય જણાયેલ કાર્ય, મારા ગાઈડની સલાહ પ્રમાણે મૌનરૂમમાં બેસતાં બધું બરોબર ગોઠવાઈ ગયું હતું. શ્રીમોટાના સાહિત્ય દ્વારા શ્રીમોટાનો સંપર્ક થતાં, જીવનમાં અલૌકિક રીતે પરિવર્તન આવ્યું છે. આજના યુવાન વર્ગ માટે દાંપત્યભાવના અને વાલીઓ માટે બાલમાનસને સમજવામાં શ્રીમોટાનું સાહિત્ય અનુપમ છે. હાલની પ્રીકેજી. સિનિયર કે.જી.ની પ્રથાની ખામીઓ અને માતૃભાષા દ્વારા જ શિક્ષણની જરૂરિયાત જણાવી હતી. પૂજ્ય શ્રીમોટા સાથે એક વખત નાતો બંધાઈ જાય તો જીવન જીવવામાં અનેક રીતે સરળતા અનુભવાય છે.

**શ્રી રાજેશ વ્યાસ (મિસ્કીન)**

પૂજ્ય શ્રીમોટાના સ્વજન સદ્ગત ડૉ. રમેશભાઈ ભટ્ટ સાહેબ સાથેના અને તેના કારણે શ્રીમોટાના સાહિત્યના સંપર્કની વિગતો વ્યક્ત કરી હતી. પોતે ગઝલકાર તરીકે ઓળખાતા હોવા છતાં શ્રીમોટાની ગઝલોને યોગ્ય અર્થમાં સમજવાની પોતાની અશક્તિ જણાવેલ. હરિઃૐ મંત્રના રટણથી જીવનમાં કોઈ ફેરફાર થાય છે કે કેમ તેની વિગતો સ્વરચિત ગઝલો દ્વારા રજૂ કરતાં સ્વજનો આનંદવિભોર બન્યાં હતાં. સત્સંગથી જૂના સંસ્કારો દગ્ધબીજ થતા હોવાની વાત પણ સમજાવી હતી.

હરિઃૐ સત્સંગ મંડળના માનદમંત્રી શ્રી નીતિનભાઈ રામીએ અંતમાં સર્વે ઉપસ્થિત સ્વજનો, આમંત્રિતો અને બંને વક્તાઓનો તેમ જ વિદ્યાપીઠ હૉલ ઉપલબ્ધ કરાવવા માટે તેના વ્યવસ્થાપકોનો હૃદયના ભાવથી આભાર વ્યક્ત કર્યો હતો.

પૂજ્ય શ્રીમોટાના પ્રિય એવા ખીચડી-કઢી શાકનો પ્રસાદ સર્વેએ પ્રેમથી આસ્વાદ્યા બાદ પ્રસન્ન મને સૌ વીખરાયાં હતાં.

**નોંધ :** આ સ્નેહસંમેલનમાં જેઓએ વક્તવ્ય આપ્યાં એ ડૉ. કૌશિક મહેતા અને ગઝલકાર શ્રી રાજેશ વ્યાસ (મિસ્કીન)ના પ્રવચનની સીડી માટે હરિઃૐ સત્સંગ મંડળના માનદ મંત્રી શ્રી નીતિનભાઈ રામીનો સંપર્ક કરવા વિનંતી છે.

મો. ૯૮૨૫૦૩૮૧૦૧ ❑



મનમાં અશુભ વિચાર આવે છે, તેનું કારણ પાપ છે. એનો ઉપાય કોઈ સત્પુરુષ, ઈશ્વર અથવા દેવ પકડો. સત્પુરુષ અને પરમેશ્વરમાં જરા પણ ફરક નથી.

સત્પુરુષ સાકારરૂપે પરમેશ્વર જ છે. એને તો ફક્ત શરણે જાવ એટલે બસ. અહીંની કોર્ટ પેઠે ત્યાં ન્યાય કરવાનો હોતો નથી, તેમ જ વકીલની પણ ત્યાં જરૂર નથી.

- શ્રીઉપાસની બાબા

*'શ્રીઉપાસની જીવનકળા', ચોથી આવૃત્તિ, પૃ. ૬૯૭*

**HARIBHAV MAY - 2014**

Regd. under RNI No. 65683/96 & Permitted to Post at AHD PSO
on 10th of every month under Postal Reg. No. GAMC/1208 / 2012-2014
issued by SSP AHD valid upto 31-12-2014
Licence to Post without Perpayment of postage No. CPMG/GJ/91/2012-2014
valid upto 30-6-2014





'તેણે મારામાં લીન બનવાનું પસંદ કર્યું. પરિણામે તે મારું શુભતર અર્ધાંગ બની. તે બહુ જ આગ્રહી સ્વભાવની બાઈ હતી. નાનપણમાં હું એને જક્કીપણું ગણતો. પણ આ સત્યાગ્રહી સ્વભાવે તેને તદ્દન અજાણતાં અહિંસક અસહકારની કળા અને અમલમાં મારી ગુરુ બનાવી.....

તેનામાં એક બહુ મોટો ગુણ હતો : દરેક હિંદુ પત્નીમાં ઓછાવત્તા પ્રમાણમાં તે હોય છે. ગમે કે ન ગમે અથવા જાણેઅજાણે પણ મારે પગલે ચાલવામાં એ ધન્યતા અનુભવતી.'

- ગાંધીજી

*'મહાત્માનું અરધું અંગ કસ્તૂરબા'*
*ટાઈટલ પેજ ચાર*
*નવજીવન ટ્રસ્ટ પ્રકાશન, અમદાવાદ*

Printed and Published by **Prabhudas Jani,** on behalf of **' HARIWANI TRUST'**
11, Dada Rokadnath Society, Ahmedabad - 380 007,
Printed at **Sahitya Mudranalaya Pvt. Ltd.** Ahmedabad - 380 022.
Phone : 079- 25469101/2
Published at Ahmedabad. Editor : **Prabhudas Jani.**
**E-mail : harivanitrust@yahoo.com**
Designer : Mayur Jani / Mobile : 9428404443 / E-mail : janimj@yahoo.com